सत्यं वद ॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥ धर्मं चर

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ
સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય

## શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વિદેહ કૈવલ્ય મુક્ત સંવત ૨૦૫૬ વૈશાખ સુદ અગિયારશને રવિવાર, મુ. ચાણોદ

વર્ષ ૩૮ સંવત ૨૦૭૨ ચૈત્ર, મે – ૨૦૧૬, અંક – ૫



ઉજ્જૈન નગરી સિંહસ્થ કુંભપર્વમાં મહાકાલેશ્વર ધામ જેવા પવિત્ર સ્થાનમાં. તા. ૧૪-૪-૨૦૧૬ ના
શુભ દિને પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ
વેદાન્તાચાર્યની અધ્યક્ષતામાં સમષ્ટિ ભંડારાનું આયોજન સંપન્ન થયું હતું.

**સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય



સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
વર્ષ: ૩૮ / મે–૨૦૧૬ / અંક–૫

## અનુક્રમણિકા


**૪** કઠોપનિષદ્
કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા)

**૮** મય્યેવમન આધત્સ્વ
લત્તા અરવિંદભાઈ માંગુકીયા–દડવા(રાંદલના)

**૯** ગુરુગીતા મહાત્મય
પટેલ દેવીકાબેન જે. (ઓઝરાળા)

**૧૧** તત્ત્વને જાણો
અમરશીભાઈ કેરિયા

**૧૨** અખંડ આનંદની અનુભૂતિ
મફતલાલ (આદિવાડા)

**૧૩** અતીથી દેવ
રજુ. રણછોડભાઈ (અઘેવાડા)

**૧૪** મૃત્યુનો મહિમા (ભાગ–૧)
હસમુખ પટેલ

**૧૬** ગુરૂ અખંડાનંદ સ્વામીની ધૂન
વાલજીભાઈ કલ્યાણભાઈ વઘાસિયા–પીપળીયા

**૧૬** ભજન
યુ.એસ.એ.–શ્રી સચ્ચિદાનંદ સત્સંગ મંડળ

**૨૦** સત્સંગ સમાચાર
સંકલિત

**૨૧** સત્સંગ સમાચાર
સંકલિત

**૨૨** સત્સંગ સમાચાર
સંકલિત


જય સચ્ચિદાનંદ
ૐ

## चर्पटपञ्जरिकास्तोत्रम्

*ગેયં ગીતાનામસહસ્રં ધ્યેયં શ્રીપતિરુપમજસ્રંમ્ ।*
*નેયં સજ્જનસંગે ચિત્તં દેયં દીનજનાય ચ વિત્તમ્ ॥*
*ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં ગોવિન્દં ભજ મુઢમતે ॥ ૧૧ ॥*

### ભાવાર્થ

ગીતા અને વિષ્ણુસહસ્રનામનો નિત્ય પાઠ કરવો જોઈએ, ભગવાન વિષ્ણુના સ્વરૂપનું નિરંતર ધ્યાન ધરવું જોઈએ, ચિત્તને સંતજનોના સંગમાં જોડવું જોઈએ અને દીનજનોને વિત્તનું દાન કરવું જોઈએ, અને હે મૂઢ ! નિત્ય ગોવિંદને જ ભજ, કારણ કે મૃત્યુ નજીક આવતાં 'ડુકૃગ્ કરણે' ગોખવાથી રક્ષા નહિ થાય. ॥ ૧૧ ॥

**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા


## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૭ વર્ષ જુનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ....**

**(૮) સદ્રિક :-**

સદ્રિક એટલે સ્વયં પ્રકાશ, સદ્રિક એટલે શું ? બોલો ?...આત્માને કોઈના પ્રકાશની જરૂર નથી. કોઈના બીજાના જ્ઞાનની જરૂર નથી. પોતે જ્ઞાન સ્વરૂપ છે. કેવો છે ? બોલો ?...(જ્ઞાન સ્વરૂપ) હવે, કહેશો કે 'હું અજ્ઞાની છું' એમ કહોને તો તમે જ્ઞાની નથી. કેમ કે તમને આત્માની ખબર નથી. એટલા માટે 'આત્મા હું છું' એમ કીધા પછી 'હું અજ્ઞાની છું' એમ કોઈ દિ' ના કહેવું. શરીર, મન ભલે ન જાણતું હોય બુદ્ધિ ભલે નો જાણીતી હોય પણ તમે તો જ્ઞાન સ્વરૂપ છો છો ને છો. એટલે કોઈની બુદ્ધિનો સમજે તોય ભ્રાંતિમાં નો પડવું પણ દ્રઢ કરવું કે હું તો જ્ઞાન જ સ્વરૂપ છું એટલે ગુરુનું ધ્યાન કરોને-

**આનન્દમાનન્દકરં પ્રસન્નં**
**જ્ઞાનસ્વરૂપં નિજબોધયુક્તમ્,**
**યોગીન્દ્રમીડ્યં ભવરોગવૈદ્યં,**
**શ્રીમદ્‌ગુરૂં નિત્યમહં નમામિ.**

(શ્રી ગુરુગીતા)

તો ચોપડીનું જ્ઞાન હોય તો જ જ્ઞાન સ્વરૂપ થયા એમ નહીં. બહુ મહાત્મા બોલ બોલ કરે એટલે જ્ઞાની છે એમ નહીં. તમારો આત્મા જ જ્ઞાન સ્વરૂપ છે. હવે, જ્ઞાન સ્વરૂપ આત્મા છે એમ સમજેને તો જ એ જ્ઞાની છે. નકર ચોપડીના થોથા ને હોથાને ચોપાઈને રામાયણ બહુ બોલે પણ જો આત્માને જ્ઞાન સ્વરૂપ નો સમજે તો એ બુદ્ધિથી જ્ઞાની છે પણ આત્મા જ્ઞાની નથી. શું છે ? બોલો ? એને મનમાં બુદ્ધિમાં જ્ઞાન મળ્યું છે. પણ હજી આત્મા જ્ઞાન સ્વરૂપ છે એમ સમજતો નથી. એટલે પોતાને તો જીવ જ સમજે છે. પોતાને અજ્ઞાની જ સમજે છે. એટલા એટલા પોથા ભણ્યા તોય શું સમજી બેઠા ? બોલો ?...બુદ્ધિથી કેવળ જ્ઞાની જ્ઞાની સમજો તો બુદ્ધિ ગઢપણમાં શું થઈ જશે ?...તો એ ધ્યાનથી યાદ રાખજો એટલે ઘણીવાર ઘણા કહેતા હોય કે ગઢપણમાં જ્ઞાન વયું જાય પણ કયું જ્ઞાન વયું જાય ? બુદ્ધિનું. આત્માનું કોઈ દિ' જ્ઞાન જતું નથી. એટલે જો તમે બુદ્ધિ, બુદ્ધિનું જ્ઞાન, કેવળ ચોપડીનું જ્ઞાન થશેને તો કયારેક જ્ઞાન વયું પણ જશે. પણ 'આત્મા જ્ઞાન સ્વરૂપ છે.' એતો અમર જ્ઞાન છે. એ કોઈ દિ' જતું આવતું નથી કેમકે આત્મા અમર છે એટલે એનું જ્ઞાન પણ...(અમર છે) એ (આત્મા) જ્ઞાન સ્વરૂપ છે. કેવો છે ? બોલો ? એટલે પછી વયું જશે ને ભૂલાય જશે ને ઓછું થઈ જશે એવી ભ્રાંતિમાં ન રહેવું. હું તો સદાય અમર જ્ઞાન સ્વરૂપ છું એટલા માટે આત્માનું આઠમું લક્ષણ શું બતાવ્યું, યાદ રહ્યું ? બોલો ? જ્ઞાન સ્વરૂપ અને નવમું લક્ષણ છે.

**(૯) હેતુ (કારણ) :-**

'હેતુ' યાદ રહેશે ? બોલો ?...કારણ. જેનાથી આ શરીર હાલે, જેનાથી આંખ જોવો, જેનાથી પગ ચાલે જેનાથી બધું અંદર ચાલે છે એનું નામ આત્મા.

**ચિન્હ ચરિત્ર જેને નહિં, સૌનો પ્રેરક સોય;**
**પ્રીતમ ત્હેને પ્રીછતાં, આવાગમન ન હોય.**

જેના દ્વારા આ બધું ચાલે જેના વગર ના ચાલે એને હેતુ કહેવાય, કારણ કહેવાય. જેમ ડંડા વગર,

માટી વગર કુંભાર વગર ઘડો બને નહિ એ બધા જુદા જુદા પ્રકારના કારણ કહેવાય. માટી ઉપાદાન કારણ કહેવાય ને કુંભાર ને એ બધા નિમિત્ત કારણ કહેવાય. તો એ આત્મા આ જગતનું કારણ છે. કેમ કે એના વગર શરીર કાંઈ ચાલી શકતા નથી. તો બધાનું કારણ સ્વરૂપ છે હેતુ સ્વરૂપ છે એ આત્મા છે. એટલે નવમું લક્ષણ 'હેતુ' બતાવ્યું. દસમું-

**(૧૦) વ્યાપક :-**

કેવો છે આત્મા ? બોલો ?...આ દસમું આત્માનું લક્ષણ યાદ રાખો. આત્માને શરીર જેવડો નો સમજવો આત્માને ઘર જેવડો ન સમજવો. આત્મા તો વ્યાકપક છે. ગીતામાં-

**નિત્યંઃ સર્વગતઃ સ્થાણુરચલોऽऽયં સનાતનઃ**

(અ-૨-૨૪)

ગીતામાંય ભગવાને કહ્યું આત્મા નિત્ય અને સર્વગત છે. બધે છે છે ને છે.

**महात्मं विभुमात्मानं मत्वा धीरो न शोचति ।**

ઉપનિષદોમાં કહ્યું, આત્મા મહાન છે, વિભુ છે. એવું સમજયા પછી હર્ષ-શોક રહેતો નથી. તો આત્મા વ્યાપક છે એમ સમજીને શરીર વ્યાપક નથી એટલે શરીર હું નથી અને શરીર મારું નથી. એટલા માટે હું કર્તા, ભોક્તા, કાળો, ધોળો, બ્રાહ્મણ, ક્ષત્રિય, વેશ્ય, ક્ષુદ્ર કાંઈ નથી પણ હું તો વ્યાપક આત્મા છું જેથી મને આવાગમન નથી. ધ્યાન રાખો. શું મટયું ? બોલો ? ...એટલે કહ્યું છે ને કે ગુરુની સેવા કરશો તો આવાગમન મટી જશે. નહિ રે' આવવાનું કે નહિ રે' જવાનું. જો 'હું શરીર છું' એમ માનશો તો આવાગમન ચાલુ છે. ને જો આત્મા સમજી જાવ તો આત્મા આવતો નથી ને જતો નથી. એટલે આવાગમન મટી જાય. આત્માનું દસમું લક્ષણ બતાવ્યું. 'વ્યાપક' અગિયારમું લક્ષણ.

**(૧૧) (૧૨) અસંગી, અનાવૃત :-**

કેવું ? બોલો ?...'હું છું' એ હંમેશા પ્રગટ છે. એટલા માટે આત્મા અનાવૃત છે. એમ સમજવું. આવરણ બુદ્ધિમાં છે. શેમાં છે ? બોલો ?...(બુદ્ધિમાં) એટલે બુદ્ધિમાંથી આ ભ્રાંતિ કાઢી નાખો એટલે આત્મામાંથી તો નીકળી ગયેલી જ છે. બુદ્ધિમાં માની લીધું છે કે હું ઢંકાઈ ગયેલો છું. સમજાણું ? બોલો ? તો શું થયું કહેવાય ? એનું નામ જ આવરણ. અજ્ઞાન (આવરણ) એ બુદ્ધિમાંથી કાઢી નાખો. 'હું તો અનાવૃત છું' એટલે આત્માને આવરણ કોઈ નથી. એટલે તમે સાંભળો છોને.

**દર્શનથી દુષ્કૃત ટળે રે, સ્પર્શતાં પાવન થાય રે;**
**બ્રહ્માનંદ સુખ ઊપજે રે, આવરણ અવિદ્યા જાય;**
**વારી જાઉ વારણે.**

(અખાભક્ત)

સંતોના જ્ઞાની પુરુષોના દર્શન કરો તો પાપ મટી જાય. સ્પર્શ કરો એટલે એના ગુણો ધારણ કરો તો પાવન થઈ જાવ અને જો ગુરુ જ્ઞાન આપે એને હૃદયમાં ધારણ કરો તો અજ્ઞાન અવિદ્યાનું આવરણ દૂર થઈ જાય. તો હવે ધ્યાનથી યાદ રાખો. આવરણ શેમાં છે ? બોલો ? બુદ્ધિમાં કે આત્મમાં ? બુદ્ધિમાં છે. શેમાં છે ? બોલો ? આત્મા અનાવૃત છે આત્મા કોઈથી ઢંકાતો નથી. કેમકે આત્માથી મોટું કોઈ નથી. એને ઢાકવાવાળું શું નથી ? બોલો ? કે એ પ્રકાશ છે. હંમેશા પેલાય હતો અત્યારે છે ને પછીય રહેશે. બીજું બધું પાછળ થયું પણ ઢંકાય ગયેલો કેમ ભ્રાંતિ થઈ ? કે સૂરજ જેમ વાદળાથી ઢકાય ગયો. સૂરજ ઢંકાય જાય ? પણ આપણી આંખ ઢકાય જાય. શું ઢંકાય જાય ? બોલો ? એટલે આપણે બોલીએ કે સૂરજ અત્યારે નથી. અહીં નથી પણ કચ્છમાં તમે મારવાડમાં કયાંક ફોન કરી જોજો. શું કહેશે ? કે અહીં તો તડકો તપે છે. અહીં તમે કહો કે ભય અહીં સૂરજ દેખાવાય મળતો નથી. તો અહીં નથી તે બધેય નથી એવું થોડું છે ! જયાં વાદળ નથી ત્યાં છે. સૂરજ ઢંકાણો એમ નહીં પણ શું ઢંકાય ગયું ? બોલો ? આપણી આંખો ઢંકાઈ ગઈ એમ અજ્ઞાન બુદ્ધિમાં છે. આવરણ શેમાં છે ? બોલો ? બુદ્ધિમાં એટલે બુદ્ધિનું આવરણ કાઢોને બુદ્ધિમાં દ્રઢ કરો કે 'હું અનાવૃત આત્મા છું' 'હું પ્રગટ આત્મા છું' એટલા માટે હું પ્રગટ શુદ્ધ, બુદ્ધ, નિત્ય, સચ્ચિદાનંદ સ્વરૂપ છું એવો જો દ્રઢ અભ્યાસ કરો તો મને અજ્ઞાન છે હું આવો છું હું મુરખ છું એ ભ્રાંતિ કાઢો. ઘણી બહેનો એમ કહેને કે 'અમારો છે મુરખનો અવતાર' શેનો છે ? બોલો ? હવે, તમે મુરખ છો કે જ્ઞાન સ્વરૂપ છો ? બોલો ? એટલે 'હું મુરખ છું' એમ હવે ના સમજવું. અત્યાર સુધી જે સમજયા એ ભલે સમજયા. અત્યારથી દ્રઢ કરો કે 'હું અનાવૃત આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છું' **''ચિદાનંદરૂપઃ શિવોહં શિવોહં''** રોજ 'હું સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રગટ બ્રહ્મ સ્વરૂપ છું' એવો દ્રઢ અભ્યાસ ઉપનિષદોના

માધ્યમથી કરવો ભ્રાંતિમાં રહેવું નહીં ને જગતથી ડરવું નહીં. શું ન કરવું ? બોલો ? ઘણાં લોકો, લોકોથી ડરી જાય. ઓલો શું કહેશે ? ઓલાભાઈ શું કહેશે ? એને જે કહેવું હોય એ કહે એથી તમારું કાંઈ બગડવાનું નથી. આકાશ ઉપર ગમે એટલું કોઈ માટી ફેંકેને તો આકાશને કાંઈ થવાનું નથી. એમ લોકોને જે કહેવું હોય એ કહે આ તો જ્ઞાની થઈ ગયા ને આ તો વેદાંતી થઈ ગયા ને આતો આમ થઈ ગયા. પણ એથી તમારું કાંઈ બગડવાનું નથી. એની જીભે એને જે કહેવું હોય એ ભલે કીધા કરે તમારે કોઈ લોક લજ્જામાં ઓલામાં પડવું નહીં. જો શરમમાં રહ્યાને તો ડરતા રહેશો.

**''एकां लज्जां परित्यज्य त्रैलोक्य विजयी भवेत् ।''**

એક લજ્જા (શરમ) છોડી દેશે તો ત્રણ લોકમાં વિજય તમારો થઈ જશે. એટલા માટે મીરાંબાઈએ કહ્યું-

**સાધુ સંગ બેઠ બેઠ લોક લાજ ખોઈ**

શું કહ્યું ? બોલો ? કે હું લોકની લાજમાં હવે રહેતી નથી. લોકની લાજમાં રહે એ તો લાજમાં ને લાજમાં એમનામ ઘૂંઘટો કાઢીને બેઠા રહ્યા.

**લોકડીયાની લાજે રે, તાણ્યો મેં તો ઘુંઘટો રે જી,**
**એણે મેં તો દીઠા નહિ સુંદિર શ્યામ,**
**પ્રભુ હતા પાસે રે, વિભુ નોહોતા વેગળા રે જી,**
**સૂરજ ઘેરાણો રે, જેમ વાદળે રે,**
**એમ અવિદ્યાએ ઘેરાણો આતમ રામ,**
**કંઈક જુગ વિત્યા રે, એણે પંથે ચાલતાં રે જી,**
**નાવ્યો નાવ્યો પંથડા કેરો પાર,**
**કંઈક જુગ વિત્યા રે, ભૂતળ ભટકતાં રે.**

(નરસિંહ મહેતા)

તો આત્માના બાર લક્ષણ ફરીન એકવાર સાંભળી લો. આત્મા નિત્ય છે, આત્મા શુદ્ધ છે, આત્મા અવ્યય છે, આત્મા એક છે, આત્મા ક્ષેત્રજ્ઞ છે, આત્મા આશ્રય છે, આત્મા અકર્તા છે, આત્મા સ્વયં પ્રકાશ (સદ્રિક) છે, આત્મા હેતુ (કારણ) છે બધાનું, આત્મા વ્યાપક છે, આત્મા અસંગી છે, આત્મા અનાવૃત એટલે આવરણ રહિતનું છે. આ આત્માના બાર લક્ષણો દ્વારા શરીરમાંથી હું ને મારું કાઢવું. શું કાઢવું ? બોલો ?

**एतैर्द्वादशभिर्विद्वानात्मनो लक्षणैः परैः ।**
**अहं ममेत्यसद्भवं देहादौ मोहजं त्यजेत् ॥**

॥૭-૭-૨૦॥
(શ્રીમદ્ ભાગવત)

હવે, દેહ આદિ શબ્દ વાપર્યો થોડો શબ્દ યાદ રાખો **'देहादो'** એટલે દેહ આદિમાં. દેહ આદિથી શું લેવું ? કે પુત્ર, પત્ની, ધન, મકાન, દુકાન. શરીરમાંથી 'હું પણું' કાઢવું ને બીજા બધામાંથી મારાપણું કાઢવું. શું કાઢવું ? બોલો ? જડને જડની સાથે સબંધ હોય ને ચેતનને ચેતનની સાથે સબંધ હોય નિત્યને નિત્યની સાથે સબંધ હોય ને અનિત્યને અનિત્યની સાથે સબંધ હોય. તો બોલો, તમે નિત્ય છો કે અનિત્ય છો ? ...(નિત્ય) અને જગત શું છે ? ...(અનિત્ય) એટલે એને મારું મારું ના કરવું. જો એને મારું મારું કર્યુ તો તમે ખોટો સબંધ બાંધ્યો અને કો'ક પારકી સ્ત્રીને મારી સ્ત્રી કહે તો શું થાય ? બોલો ? ડંડા ખાવા પડે. કોઈ પારકું ઘર મારું ઘર કરીને ઘૂસી જાય તો પોલીસ પકડીને જેલ ભેગા કરી દે. એમ જો આને મારું મારું કરશોને તો ભગવાન ગર્ભની જેલ ભેગા કરશે. કઈ જેલ ? બોલો ? ગર્ભની બહારની જેલમાં તો સારું, ખાવાનું મળે પણ અંદર પછી તમને ખાવા નહીં મળે. મા ખાય તો ભલે ખાય પણ તમને મળશે નહીં.

**ખાટું ખારું માતા ખાતી, તેની થાતી પીડાજી;**
**કોમળ જાણી બહુ કરડતા,કરમિયાને વળી કીડાજી.**

(શ્રી બ્રહ્માનંદજી)

તો ધ્યાનથી યાદ રાખો જગતમાં બધાય આવ્યા છે તો એ લોકોને બધાને મુક્ત થવું છે તો આ આત્મ-તત્ત્વજ્ઞાન ઉપનિષદોનું દ્રઢ જ્ઞાન કરી અને ઉપનિષદોનો સ્વાધ્યાય કરો ને અમર થઈને ફરો, ઉપનિષદોનો સ્વાધ્યાય કરો ને મુક્ત થઈને ફરો અને આનંદમાં, 'હું આનંદ સ્વરૂપ છું' એવો દ્રઢ અભ્યાસ કરો.

**આનન્દં બ્રહ્મણો વિદ્વાન્ન બિભેતિ કુતશ્ચના ।**

(તૈતિ શ્રુતિ-૨,૪)

તો ખાસ કરીને ઉપનિષદો શ્રવણ કર્યા પછી હું ને મારું છોડવું પછી એને લઈને ભય નો રાખવો ચિંતા નો રાખવી કે 'હું દુઃખી છું' એવી ભ્રાંતિ રાખવી નહીં. પણ બે છૂટવા જોઈએ. શું છૂટવા જોઈએ ? બોલો ? 'હું ને મારું'

**''જી રે હું ને મારાના હવન કર્યા''**

જેણે હું ને મારાના હવન કરી દીધા હોય એને કોઈ દુઃખ નથી કોઈ ભય નથી કોઈ ચિંતા નથી. કેમ કે એને કોઈ જરૂર જ નથી. આત્મા જન્મે-મરે નહીં એટલે મરવાનો ભય નહીં, દુઃખ નહિ, ચિંતા નહિ

આત્મા વધે-ઘટે નહીં એટલા માટે એને કોઈ હરખ-શોક નહિ બધામાં એક આત્મા છે એમ સમજો તો રાગ-દ્વેષ નહિ એટલે સર્વ વ્યાપકતા હોવાથી આવા-ગમન નથી. આત્મા સર્વત્ર આનંદ આનંદ ને આનંદ સ્વરૂપ છે. રોજ '(આત્મા) હું આનંદ સ્વરૂપ છે' એવો અભ્યાસ કરવાની ટેવ પાડવી. અભ્યાસથી જ દ્રઢ થાય છે અભ્યાસ વગર દ્રઢ થતું નથી. જગતના ભોગો તરફ વૈરાગ્ય રાખવો પરમાત્મા તરફ અભ્યાસ કેળવવો. પરમાત્મા સર્વને સર્વ પ્રકારે સુખી કરે એવી પ્રાર્થના કરીએ કે-

**સર્વત્રઃ સુખીનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયા**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખ ભાગભવેત્**

પ્રિય સજ્જનો, ઉપનિષદો જીવને નિર્ભય બનાવે છે મુક્ત બનાવે છે આનંદી બનાવે છે નિશ્ચિંત બનાવે છે ને સર્વ પ્રકારના બંધનોમાંથી મુક્ત બનાવે છે (કરે છે) ખાસ કરીને હરખ અને શોક. એની માટે (ઉપનિષદના) પ્રસંગમાં બતાવ્યું.

<u>आत्मज्ञान का फल</u>

**तं दुर्दर्शं गूढमनुंप्रविष्टं**
**गुहाहितं गह्वरेष्ठं पुराणम्।**
**अध्यात्मयोगाधिगमेन देवं**
**मत्वा धीरो हर्षशोकौ जहाति ॥१२॥**
**॥१-२-१२॥**

એ પરમાત્મા બુદ્ધિની અંદર સ્થિર થયેલા છે અત્યંત ધીર છે એને અધ્યાત્મ યોગ દ્વારા અંદરના આત્માની સાથે મન લગાડવું એનું નામ છે અધ્યાત્મ યોગ. મન જેમ જેમ અંદર લાગતું જાય એમ પરમાત્માની ઓળખાણ થતી જાય. પરમાત્માની સાથે સબંધ થતાં જાય. મન અંદર એટલે કાંઈ હૃદયમાં અંદર એમ અર્થ ન સમજશો. અંદર એટલે બધે જ આખું જગત છે એમાં બહાર ભાગ એ જગત છે ને અંતર (અંદરનો) ભાગ એ બ્રહ્મ છે. ફૂલમાં, ફળમાં, ઝાડમાં બધામાં-

**''પવન તું પાણી તું ભૂમિ તું ભૂધરા,**
**વૃક્ષ થઈ ફુલી રહ્યો આકાશે''**

(નરસિંહ મહેતા)

જડમાં, ચેતનમાં, સ્થાવરમાં, જંગમમાં તમામ પદાર્થોમાં આંતર દ્રષ્ટિએ બ્રહ્મ છે ને બહારની દ્રષ્ટિએ જગત છે. આંતર દ્રષ્ટિએ એટલે ઘણાં સમજે કે હૃદયમાં અંદરને અંદર રાખેલી હશે. એનું નામ પેટમાં અંદરને અંદર રાખેલી હશે એવું નહીં સમજવાનું આખા વિશ્વમાં જગતના જેટલા પદાર્થો હોય એ (પરમાત્મા) એની અંદર અંતર્યામી છે. અસ્તિ, ભાતિ, પ્રિય રૂપમાં પરમાત્મા બીરાજમાન છે. એટલે બધાની અંદર શું છે એમ જોવો એનું નામ આંતર દ્રષ્ટિ.

**''ગુરુ મારા અંતરની આંખ ઉઘાડો,**
**છત્તી આંખે છે રે અંધાયો,સુજતો નથી રે કિનારો રે,**
**ગુરુ મારા અંતરની આંખ ઉઘાડો.''**

તો સર્વની અંદર સચ્ચિદાનંદ બ્રહ્મ છે.

**સચ્ચિદ્ આનંદ સર્વમાં, ભરી રહ્યો ભરપૂર,**
**દિન રજની રહે રંગમાં, નિરમલ વર્ષે નૂર.**

(પ્રિત્તમદાસજી)

તો જે જે વસ્તુ દેખાય એની અંદર કોણ છે એવો વિચાર કરશો અંતરમાં અંતર્યામી રમી રહેલા છે. આખા જગતનું મૂળ તત્ત્વ બ્રહ્મ છે. સોનામાંથી બનેલા હારમાં, વેઢમાં, વીંટીમાં, કડામાં, કુંડળમાં બધામાં જેમ સોનુ રમી રહેલું છે એમ બ્રહ્મમાંથી બનેલા તમામ પદાર્થોમાં બ્રહ્મ ભરપુર ભરી રહેલા છે. એ અંતર દ્રષ્ટિ. એનું નામ અંતર્મુખ દ્રષ્ટિ (વૃત્તિ) કહેવાય. એટલા માટે કેવળ પેટમાં કે અંતરમાં જ સમજી રાખી મૂકો ને બહાર કાંઈ જોવું જ નહીં. એવો અર્થ ન સમજવો. પણ બાહ્ય દ્રષ્ટિથી ન જોવું આ બધા બેઠા એને બાહ્ય દ્રષ્ટિથી જોવો તો માનવ લાગે પણ આંતર દ્રષ્ટિથી જોવો તો બધા બ્રહ્મ સ્વરૂપ લાગે. જેમ બધાએ કપડા પેર્યા છે કે દોરા પેર્યા છે. ચામડાની આંખે જોવો તો દેખાશે કે આ બધાએ કપડા પેર્યા છે પણ બુદ્ધિથી જો અંદર અંદર ઊંડા ઉતરશો તો કપડાની અંદર દોરા, દોરાની અંદર રૂ, રૂ ની અંદર માટી અંદર ભળેલી હશે માટી જળમાંથી બની, જળ તેજમાંથી બન્યું, તેજ વાયુમાંથી, વાયુ આકાશમાંથી, આકાશ મહતત્ત્વમાંથી, મહતત્ત્વ પ્રકૃતિમાંથી અને પ્રકૃતિ પરમાત્માથી. તો પરમાત્મા સુધી ઠેઠ અંદર અંદર ઉતરો તો આખું જગત પરમાત્મા સ્વરૂપ છે.

**''બ્રહ્મ થકી જે જગત થયું તે**
**બ્રહ્મ સ્વરૂપે દેખે જોને.''**

**''સદ્ગુરૂજીએ સાનમાં, સમજાવ્યું સુખ અપાર,**
**ૐ બ્રહ્માનંદ સ્વામી અનુભવ્યા રે, મુને ભાસ્યો રે,**
**મુને ભાસ્યો છે બ્રહ્માકાર–**
**બ્રહ્મ ગુરુદેવની આરતી.''**

**ક્રમશ...**

# મચ્યેવમન આધત્સ્વ

લત્તા અરવિંદભાઈ માંગુકીયા
દડવા (રાંદલના)

**પરમ પુજ્ય સદ્‌ગુરૂ ભગવાનના ચરણોમાં કોટિ કોટિ વંદન**

**મચ્યેવમન આધત્સ્વ મયિ બુધ્ધિં નિવેશય**
**નિવસિષ્યસિ મચ્યેવ અત ઉર્ધ્વં ન સંશય.**

(આ.૧૨ શ્લોક ૮ ભગવત ગીતા)

શ્રી ભગવાન અર્જૂનને કહે છે કે મારામાં મનને પરોવ અને મારામાં જ બુધ્ધિને જોડ એ પછી તું મારામાં જ નિવાસ કરીશ એમાં લેશ માત્ર સંશય નથી.

આ પ્રમાણે જેનું મન પરમાત્મા માં છે તેને સંસારના કોઈ આવરણ નડતુ નથી અને જેનું મન સંસારમાં છે તેને પરમારથ માર્ગે બધી જ મુશ્કેલીઓ નડતી હોય છે. પરમાર્થ માર્ગે ચાલવામાં સૌથી પહેલા તો મન જ વિરોધ નોંધાવે છે. કારણ કે તેને સંસારમાંના કાર્યમાં એટલો બધો અભ્યાસ છે તેમાં જ તેને ફાવટ છે. મુખ્ય તો આ મન જ સંસાર જ છે. કારણ મન જ બંધન કર્તા છે પણ જો મન પરમાત્મામાં રહે તો મન જ મુક્ત કરાવે છે. પરંતુ જ્યા સુધી અંતઃકરણ નિર્મળ થતુ નથી ત્યાં સુધી જ્ઞાન તેમાં થતુ નથી આથી ભવસાગરમાં સંસાર ચક્રમાં ફસાવાનું કારણ છે મનની મલીનતા. મન કોઈ એવું અંગ નથી કે જેને સ્થુળ ચક્ષુઓથી જોઈ શકાય કે સ્થુળ સાધનથી શુધ્ધ કરી શકાય શરીરના સ્થુળ અંગોમાં ખામી આવતા ડોકટરો પાસે જઈ સાજા કરાવી શકાય કયાંક નવા અંગો પણ બેસાડી શકાય છે. પરંતુ મન એવું અંગ છે જેને સદ્‌ગુરૂ વૈદ્ય દ્વારા માર્ગદર્શન મેળવીને વાળી શકાય છે જેમ પાણીમાં હવા અથવા બીજા કારણથી તરંગો ઉઠે છે તેમ મનમાં વાસના ને આશાના કારણે અનેક વૃત્તિઓમાં સંકલ્પ વિકલ્પ ઉઠે છે. આ વૃત્તિઓ મુખ્ય બે પ્રકાર છે. એક સંસાર તરફ અને બીજી પરમાર્થ તરફ અથવા એક શ્રેયની બીજી પ્રેયની આમાં જે વૃત્તિ શ્રેય તરફ છે તેને સંતોએ ગોપીઓ કહી છે.

ભાગવતમાં જે ગોપીનું વર્ણન કર્યુ છે તે જીવની શુધ્ધ વૃત્તિઓ છે. જે શ્રેય વૃત્તિઓ છે તે હંમેશા પરમાત્માને જ શોધે છે તેના સાનિધ્યમાં રહેવા ઈચ્છે છે. તેમાં લીન થવા ઈચ્છે છે એ ગોપીઓ બહારથી સંસારમાં રહેતી લાગે પરંતુ અંતરથી જોડાણ ભગવાન સાથે જ છે જેની વૃત્તિઓ ર્નિમળ છે તે સંસારમાં રહીને પણ ફસાતો નથી જેનું મન નિર્મળ છે. તેની પાછળ પ્રભુ ફરે છે. ગીતાના (૧૨) માં અધ્યાયમાં ૭ માં શ્લોકમાં ભગવાન શ્રી કૃષ્ણ કહે છે.

**તેષામહં સમુદ્ધર્તા મૃત્યુ સંસાર સાગરાત,**
**ભવામિ નચિરાત્પાર્થ મચ્યાવેશિત ચેતસામ.**

મારામાં ચિત્ત પરોવનારા ભક્તોનો મૃત્યુરૂપ સંસાર સાગરમાંથી તરત જ ઉધ્ધાર કરું છું, જેનું મન સતત પ્રભુ સ્મરણમાં સદ્‌ગુરૂના શરણમાં રહે છે. તેને માયાનો સ્પર્શ થતો નથી કારણ કે પ્રભુના સ્વરૂપમાં માયાનું અસ્તિત્વ નથી બંધન અને મોક્ષનું કારણ મન જ છે. મનુષ્યોતર થી નીચેની યોનિમાં એટલે પશુયોનિમાં મન નથી, મનુષ્ય યોનિમાં જ મન છે. જેટલું સંસારમાં મન રહે તેટલું વધારે ચંચલ જેટલું મન ચંચલ તેટલો મનુષ્ય અધિર અશાન્તિ હોય છે. તેથી જ ગીતામાં કહ્યું છે મનને શુન્ય નથી કરવાનું પણ પરમાત્મામાં લીન કરીને પરમાત્મારૂપ બનવાનું છે. આજ સાધનાનું પરમ લક્ષ્ય છે. મનની આ પાર સંસારને પેલી પાર ભગવાન છે. વચમાં દિવાલરૂપ મન છે, સદ્‌ગુરૂની કૃપા થાય તો આંતરિક તાપો પણ મટે છે સેવા ભજનથી સદ્‌ગુરૂ કૃપા કરે છે અને શિષ્યને આધિ વ્યાધિ અને ઉપાધિ આ બંધનોથી મુક્ત કરે છે. પરમાત્મામાં ચિત્ત લાગતા જ કામની જગ્યાએ રામ જ રમણ કરે છે, આ સંસાર છંદમય છે જયાં સુધી સાધકના અંતરમાં દ્વન્દ્વોનું મહત્ત્વ છે. ત્યાં સુધી પરમાત્માની ઓળખાણ થતી નથી જયારે સાધકને સમજાય છે કે સુખ દુઃખ લાભ હાનિ રાગ દ્વેષ જેવા દ્વન્દ્વો મારા સ્વરૂપમાં નથી તેથી ગુરૂગીતામાં કહ્યું છે કે **દ્વંન્દ્વાતીતં ત્રિગુણરહિતં સદ્‌ગુરૂં તં નમામિ** તેવા સદ્‌ગુરૂનો ઉપદેશ જીવનમાં ઉતારીને આચરણમાં આવે જેમ કે ઘણા ઔષધોથી થતા ફાયદા જાણીએ છીએ પણ સાચો લાભ તો ત્યારે જ મળે ઔષધીનું સેવન કરીને રોગ મુક્ત થઈએ માટે સાધકે કમર ઠસવાની જરૂર છે અને ગુરૂના ઉપદેશ ઉપર વિશ્વાસ અને શ્રધ્ધાની જરૂર છે. માટે **મનના પ્રપંચ મુકજે કરજે તત્ત્વ વિચાર** ઓમ અસ્તુ...

**પ.પૂ.શ્રી હરિહરાનંદ સાગરજી મહારાજના હરિદ્વાર અધિકમાસ આશ્રમમાં કથા સત્સંગ આધારિત.....**

ભગવાન શંકર અને પાર્વતીજીના સંવાદથી સુપ્રસિધ્ધ શ્રી ગુરુગીતા પર વિચાર કરી રહ્યા છીએ. સર્વપ્રથમ મંગલાચરણ અને પછી પાઠનો વિનિયોગ બતાવ્યો. વિનિયોગ એ જપમાળ છે. આ ગુરુગીતાનો રોજ પાઠ કરવો એને જપમાળા કહેવાય છે. માળાના માધ્યમથી નામ જપ કરીએ તેને જપ કહેવાય. હું માળા ફેરવું છું એવું ન બોલાય. ખરેખર હું જપ કરું છું એવું કહેવાય. કારણ કે માળાએ જપ માટે છે. ફેરવવા માટે નથી. માળા ફરતી જાય અને સાથે જપ થતો જાય. અને એય વાત કે માળાએ જપની ગણતરી માટે નથી. ૧૦૮ ગણવા માટે નથી. જપ માટે માળાનો ઉપયોગ કરવો જોઈએ. સ્મરણમાં અને જપમાં ફેર છે. જુદી વાત છે. હાલતા ચાલતાં ખાતાં પીતાં કામ કરતાં જે મનમાં નામ ઉચ્ચારણ થયા કરે તેને સ્મરણ કહેવાય. અને એક સ્થાન પર નિયમ પૂર્વક ઈન્દ્રિયોનો સંયમ કરી રૂદ્રાક્ષની માળા ફેરવતા જપ કરો તેને જપ કહેવાય. સ્મરણમાં એક આસનની જરૂર નથી. માળામાં એક આસનની જરૂર છે. બાદરાયણ કહે છે જપ એ બેસીને કરવા જોઈએ. માળા એ હાલતા-ચાલતાં ફેરવવાની વસ્તુ નથી જપ છે ને એ એક આસને થઈ શકે. હાલતા-ચાલતા મન વ્યગ્ર રહેવાથી જપ ન થઈ શકે. મનથી માર્ગનું અનવેષણ થાય એટલે મન જપમાં ન રહે. મંત્રનો ઉચ્ચારણ કરે તેને જપ કહે છે. શ્રી ગુરુગીતા છે એ મંત્ર છે. એક એક અક્ષર એ મંત્ર છે ભગવાને પાર્વતીને કહ્યું કે આ એક મંત્ર રાજ છે. આ મંત્રનું ઉચ્ચારણ કરવું એ જપ અને ઉચ્ચારણ કરવાથી રક્ષા થાય તેથી તેને મંત્ર કહેવાય. એટલે દરરોજ ગુરુગીતાનો પાઠ કરવો જોઈએ.

નૈમિષારણ્યમાં કથા સાંભળવા સૂતજી પધાર્યા. સૂતજી બોલ્યા તમે સર્વ જ્ઞાતા છો શ્રેષ્ઠ છો તમે અમને ગુરુનો માર્ગ બતાવો. ઉપનિષદમાં પરમાત્મા જાણવા માટે એક માધ્યમ હોય તો એક ગુરુ છે. એટલે અમને ગુરુજી મહાત્મય બતાવો. આપના મુખારવિંદથી સાંભળીશું. એ પ્રમાણે શ્રદ્ધા ભક્તિપૂર્વક યથાવિધિ શ્રીગુરુનું ઉપાસન કરીશું અને ચતુર્થ શ્લોકમાં સૂતજી શૌનકાદિ ઋષિઓને ઉત્તર આપે છે. સૂતજી મહારાજ બતાવે છે ગુરુનું મહાત્મય બતાવતાં પહેલા કહે છે

***સૂતઉવાચ,***
**''સાધુપૃષ્ટં ભવદ્‌ભિશ્ચ લોકાનાં હિતકારકૈઃ,**
**ભવન્તશ્ચ તથા ધન્યાઃ પવિત્રાઃ કુલભુષણાઃ''**

સૂતજી મહારાજ ગુરુ મહાત્મય બતાવતા પહેલા એમના પ્રશ્નની પ્રશંસા કરવા લાગ્યા. સૂતજી મહારાજ કહેવા લાગ્યા કે તમે તો બહું સારું પુછ્યું. ગુરુની સમીપમાં જઈ પ્રણામપૂર્વક પ્રશ્ન કરવાની રીત છે. પ્રશ્ન દ્વારા પ્રણિપત્ દ્વારા અને સેવા દ્વારા એ સાધનોથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તત્ત્વદર્શી ગુરુ મહારાજ તમને પ્રશ્નોનો ઉત્તર આપશે. આ જે તમે પુછ્યું એ લોકોનું હિત કરવાવાળું છે. તમે લોકોનું હિત કરવાવાળા છો. ઋષિઓ લોકોનું હિત કરવાવાળા છે.

**યેષાં ચૈવ ગુરૂઃસાક્ષાદૈવતં પરમં શુભમ્,**
**તેષાં ગુરૂકથા લોકે વલ્લભા ભવતાં સદા.**

તમો ધન્ય છો. તમારાથી આવો પ્રશ્ન થયો. તમે પવિત્ર છો. સંસારમાં એ ધન્ય છે કે જેના હૃદયમાં ભગવાનની ભક્તિ નૃત્ય કરે છે જેના હૃદય કમળની અંદર ભગવાનની ભક્તિનો નિવાસ છે તેને ધન્ય છે. ભક્તિ રૂપ સંપતિ જેની પાસે છે તે ધનવાન છે. જેના હૃદયમાં ભગવાનનું નામ છે એ સંસારમાં ધનવાન છે. બધા મહર્ષિ એકઠા થયા છે. સંસારમાં અધમમાં અધમ કોણ અને ધન્ય કોણ ? એક કહે આમ તો ધનથી એ સંસારમાં હીન છે. જેનામાં ગુણ નથી ગુણહીન એ અધમ છે. સૌએ પોતપોતાના અભિપ્રાય વ્યક્ત કર્યા. ત્યાં વ્યાસજી પણ વિદ્યમાન હતા તો તેમણે કહ્યું કે જેના મુખે નામોચ્ચારણ નથી ભગવાનનું સ્મરણ નથી અને ભક્તિ નથી કરતો એ અધમમાં અધમ છે. ભગવાનનું નામ એ સાચી સંપત્તિ છે. એ સંપત્તિનો નાશ થતો નથી. ભગવાનનું વિસ્મરણ એના જેવી વિપત્તિ નથી. જેને ભગવાન યાદ રહે છે તે ધન્ય છે પવિત્ર છે અને કુલ ભૂષણ છે. કુળમાં જે સર્વશ્રેષ્ઠ હોય તેને કુલભૂષણ કહેવાય છે. સજ્જનની કુળથી ઓળખાણ થાય છે. અલંકારથી જેમ શોભા વધી જાય છે એમ કુળને જે પ્રકાશિત કરે તેને કુળદિપક કહેવાય. અને જે કુળને બાળે ને તેને કુળ અંગાર કહેવાય છે. હિરણ્ય કશ્યપુ કહે છે. પ્રહલાદને બાંધી દો. આ તો કુળની હાનિ કરે છે. મારો શત્રુ વિષ્ણું છે તેને માને છે. ભક્ત પ્રહલાદ હિરણ્ય કશ્યપુને કુલાંગાર લાગે છે. દુર્જન અને સજ્જનમાં આટલો ફેર આગળ પાંચમાં શ્લોકની અંદર સૂતજી કહે છે.

**''યેષાં ચૈવ ગુરુઃસાક્ષાદૈવતં પરમં શુભમ,**
**તેષાં ગુરુકથા લોકે વલ્લભા ભવતાં સદા.''**

સૂતજી શૌનકાદિ ઋષિઓને કહે છે ગુરુએ સાક્ષાત્ પરમ કલ્યાણકારી દેવતા છે. એવો જેણે નિશ્ચય કરી લીધો છે. આ ગુરુગીતાની કથા કરી રહ્યા છે. જેનું માહત્મય જાણતા હોય તેને આ કથા સારી લાગે છે. જંગલમાં ભીલને મુક્તામણિ મળી જાય તો ભીલડીઓ તેને ફેંકી દેશે અને ચણોઠીઓ એકઠી કરે. ચણોઠી શું કામ આવે ? શબરીને મુક્તામણિની કોઈ કિંમત નથી. એમ આ કથા છઠ્ઠા અને સાતમા શ્લોકમાં ગુરુ ભક્તિ-ઉપાસના-સેવા ભક્તિનું ફળ બતાવે છે.

**તે ધન્યાશ્ચ કૃતાર્થાશ્ચ સફલં દેહધારણમ્,**
**ઉદ્દ્યૃતં ચ કુલં તૈસ્તુ યે ગુરૂં સમુપાસતે,**
**યસ્ય દેવે પરા ભક્તિર્યથા દેવે તથા ગુરૌ,**
**તસ્યૈતે કથિતા હ્યર્થાઃ પ્રકાશન્તે મહાત્મનઃ**

આ બે શ્લોક દ્વારા ગુરુ ઉપાસનાનું ફળ બતાવતા સૂતજી કહે છે. આ બે શ્લોકમાં ચાર લાભ બતાવ્યા છે. જે ગુરુની ઉપાસના કરે છે સેવા સુશ્રુષા જે કરે છે તે સંસારમાં-જીવનમાં ધન્ય છે. તેનું જીવન સફળ બન્યું છે. તે કૃતાર્થ છે. કૃતાર્થ એટલે શું ? કૃત એટલે કરી દીધું છે એને કંઈ જ કરવાનું બાકી ન રહ્યું. ધર્મ-અર્થ-કામ મોક્ષ એ મેળવી લીધું સંસારમાં કંઈ મેળવવાનું બાકી રહેતું નથી. પરમાત્માને છોડીને સંસારના બધા પદાર્થ મળી જાય તો એ એકડા વગરના મીંડા બરાબર છે.

**''દેહ મનુષ્ય ધરી પ્રભુ નવ જાણ્યા**
**તેણે સર્વસ્વ ખોયું,**
**મારા વાલાજી મહામણિ મેલીને પત્થર**
**ચિત્ત પ્રોયું.''**

જો ભગવાનને ન જાણ્યા તો કંઈ જ મેળવ્યું નથી. સંસારનું બધુ છોડે અને ભગવાન મેળવ્યા તો તેને કંઈ બાકી રહેતું નથી. તેઓનું દેહધારણ કરવાવાળું સફળ છે તથા તેઓએ પોતાના કુળનો ઉધ્ધાર કર્યો છે. ચાર વસ્તુ બધાને મળે છે ભય મૈથુન ખાવા પીવાનું પશુને પણ પ્રાપ્ત છે. ધર્મનો સંગ્રહ કરે તો મનુષ્યને પશું કરતાં અલગ પાડે છે. મનુષ્ય જન્મમાં ધર્મનું આચરણ નથી તો તે પશુ સમાન છે.

**''પશુતણી પંક્તિ મેલાવી,દેહ મનુષ્યની દીધીજી,**
**અનંત કાલ રડવડતો જોઈને,કરૂણા**
**અતિશે કીધીજી.''**

ભગવાને મનુષ્ય દેહ આપ્યો. આ દેહ કાગડા કૂતરમાં ફરીને આવ્યો છે. ભગવાને આપણા પર કૃપા કરીને આ દુર્લભ મનુષ્ય શરીર આપ્યું. એટલે તે કર્ષણ કહેવાય. ખેતરમાં રોટરીથી ઊંધુ સીધું થઈ જાય તેને કર્ષણ કહેવાય. એમ એ પરમાત્માને હરિ કહીએ છીએ. હર કહીએ છીએ. પાપોનું હરણ કરે છે એટલે હર કહીએ છીએ. ભગવાનનું નામ છે એ પાપોને ખોદી નાખે છે. તેને સમાપ્ત કરે છે. ભગવાનના નામ સ્મરણથી પાપો બળી જાય છે. ધર્મ એટલે જય. ભગવાનના જયથી પાપો સમાપ્ત થઈ જાય છે. ભજન બધી જગ્યાએ થવાનું નથી. બીજું બધુ તો બધે થવાનું છે.

## ॥ શ્રધ્ધાંજલી ॥

ભટવદર ગામના સ્વ. ગોરધનભાઈ ડુંગરશીભાઈ ભીંગરાડીયા (ઉમર વર્ષ ૫૭) સંવત ૨૦૭૨ ફાગણ સુદ ૬ ને તા. ૧૪/૦૩/૨૦૧૬ ને સોમવારના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

## ॥ શ્રધ્ધાંજલી ॥

મોટી વાવડી ગામના સ્વ. ડુંગરશીભાઈ ઝવેરભાઈ વિરાણી (ઉમર વર્ષ ૮૫) સંવત ૨૦૭૨ ફાગણ સુદ ૧૨ ને તા. ૨૦/૦૩/૨૦૧૬ ને રવિવારના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

## ॥ શ્રધ્ધાંજલી ॥

નારી ગામના સ્વ. વિજયભાઈ પ્રેમજીભાઈ દરજી (ઉમર વર્ષ ૩૪) સંવત ૨૦૭૨ ફાગણ વદ ૧૪ ને તા. ૦૬/૦૪/૨૦૧૬ ને બુધવારના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

## ॥ શ્રધ્ધાંજલી ॥

આકરુ ગામના સ્વ. ભુપતભાઈ કાનાભઈ જાદવ (ઉમર વર્ષ ૫૨) સંવત ૨૦૭૨ ચૈત્ર સુદ ૫ ને તા. ૧૧/૦૪/૨૦૧૬ ને સોમવારના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

પ.પુજ્ય સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજની પ્રેરણાથી આજે મહા શિવરાત્રી મહોત્સવ ઉજવી રહ્યા છીએ. મહારાજશ્રીએ આપેલું ભક્તિમય જ્ઞાન વૈરાગ્ય પરોપકારમય જીવન અને કલ્યાણકારી પ્રવચન છે.

**''ૐ અખંડ મંડલાકારં વ્યાપંત યેન ચરાચરમ્ ।**
**તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રી ગુરૂવે નમઃ ॥''**
**''દુર્લભો વિષયોત્યાગ દુર્લભં તત્ત્વ દર્શનમ્ ।**
**દુર્લભા સહજાવસ્થા સદ્‌ગુરોઃ કરૂણાં વિનાઃ ॥''**

આ માનવ જન્મ દુર્લભ છે. ભગવાનની કૃપાથી મળ્યો છે. તો ભગવાનની પ્રાપ્તિ કરી લેવી. એજ આપણું લક્ષ્ય હોવું જોઈએ. ઈશ્વર બધે ને બધામાં છે. આખું જગત ભગવાનનું સ્વરૂપ છે.

**નાસતો વિધતે ભાવો, નાભાવો વિધતે સતઃ**
**ઉભયોરપિ દૃષ્ટોऽન્ત–સ્ત્વનયોસ્તત્ત્વદર્શિભિઃ**

(ગીતા ૨/૧૬)

ગીતાનાં બીજા અધ્યાયમાં સોળમાં શ્લોકમાં આનો સાર ભરી દીધો છે. અસતનો ભાવ કદી છે જ નહિ. જ્ઞાન દ્રષ્ટિએ જગત અસત છે. તે નિંતર મૃત્યુનાં મુખમાં જઈ રહ્યું છે. ક્ષણ-પ્રતિક્ષણ આપણા બધાનો વિનાશ થઈ રહ્યો છે. આ લોકોને ખ્યાલ નથી. બધા એમ જ માને છે કે આપણે મોટા થઈ રહ્યા છીએ. પણ વાસ્તવમાં મૃત્યુનાં મુખમાં જઈ રહ્યાં છીએ બાળક જન્મે ત્યારથી તેનું મૃત્યુ તેની સાથે જ જન્મે છે. બસ એવી જ રીતે જે ઉગે તે આથમે. જે ખીલે તે કરમાય. જે આવ્યાં તે જવાનાં. પણ આત્મા અહીંયા જ રહેવાનો છે. એ કયાંય જતો આવતો નથી. માટે સાવધાન થઈ જવું.

**કોઈ આજ ગયા કોઈ કાલ ગયા;**
**કોઈ જાવનહાર તૈયાર ખડા ।**
**નહિ કાયમ કોઈ મુકામ યહીં;**
**ચિર હાલ સે, યહિ રિવાજ રહા ॥**

ગુરૂ વગર આ દ્રષ્ટી આવતી નથી. સમજણ આવતી નથી તો ગુરૂ મહારાજ સમજાવે છે કે આ બધું ભોળાનાથનું સ્વરૂપ છે. ગુરૂ મહારાજ કહે છે કે, આજ થી તમે આ મારૂ, આ તારૂં, કાઢી નાખો. આમા મારૂ કોઈ નથી. એમ સ્વીકારી લ્યો. તો સહજાવસ્થા થઈ ગણાય. પરમાત્મા મારા છે ને હું પરમાત્માનો છું. દેહ હું નથી મન હું નથી. બુધ્ધિ હું નથી. ઈન્દ્રિઓ મારી નથી. બસ પરમાત્મા ભોળાનાથ જ મારા છે.

**મેરે તો ગીરધર ગોપાલ દુસરો ન કોઈ ।**

મીરા બાઈ કહે છે કે મારે ગીરધર ગોપાલ એક જ છે. તો તે ભગવાનમાં સમાઈ ગઈ. બસ એવી જ રીતે જે મોહ મમતારૂપી કચરો છે તે કાઢવાનો છે. એક તણખલું પણ આપણું નથી. **નાસતો વિધતેભાવો ના ભાવો વિધતે । સતઃ ।** પરમાત્મા જ ભોળાનાથ જ સત્ય છે. જો આ બધું જલદી સમજાય તો કલ્યાણ થાતાં વાર લાગતી નથી. તો સાવધાન થઈ જવું. ભગવાનનું ચિંતન કરતાં રહેવું મહાદેવ-મહાદેવ વારંવાર જપ કરતાં રહેવું. હાલતાં ચાલતાં ખાતાં-પિતાં. હે પ્રભો હે પાર્વતી મા હું આપનો છું. આપ મારા છો. આપ સિવાય મારે બીજું કોઈ નથી. આપ કૃપાળુ બનો. દયાળુ બનો એવી દ્રષ્ટિ આપો કે બધે જ હું તમોને જોઉ.

**ખખ્ખા ખાંડના બીબા ભરે,**
**કોયલ કાગડો કુંજર કરે;**
**મીન મગર બહુ જલચર જાત,**
**જેવું બીબું તેવી ભાતઃ ।**
**મીસરી જોતાં તો મન ઠરે,**
**ખખ્ખા ખાંડના બીબા ભરેઃ**

આ તો મિસરી છે. ખાંડ છે. આ કોઈ કોયલ કાગડો કે કુંજર નથી આમાં તો ખાંડ જ છે. બસ એવી જ રીતે. આ બધા આપણા બીબા છે. તે પરમાત્માનાં છે. આપણે દેહ નથી. જગત નથી. ભોળાનાથનું સ્વરૂપ છીએ. જેમ સોનામાંથી અનેક અલંકાર બને નામરૂપ અલગ કિંમત અલગ પણ સોનું તો બધામાં છે. બસ એ જ રીતે ઉપનિષદ દ્વારા ગુરૂ મહારાજ સમજાવે છે કે દરેક સાધકોએ જ્ઞાન મેળવી લેવું જોઈએ. એ ભાગ્યશાળી કહેવાય. જય ભોળાનાથ ૐ નમઃ શિવાય..

**ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્પુર્ણ મુદચ્યતેઃ**
**પુર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવા વશિષ્યતેઃ**
**॥ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

# અખંડ આનંદની અનુભૂતિ

મફતલાલ
(આદિવાડા)

જય શ્રી સચ્ચિદાનંદ પરમ પૂજ્યશ્રી સદ્‌ગુરૂ મહારાજશ્રીની અસીમ કૃપાથી મને ગુરૂ ગુણ ગાવાનો આવો લ્હાવો મળ્યો છે તો સદ્‌ગુરૂ સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીના ચરણ કમળમાં સમરર્પીત કરી રહ્યો છું. પૂર્વના પૂણ્યને કારણે મનુષ્ય અવતાર મળ્યો ને જેનું વર્ણન ન થઈ શકે એવા માતા-પિતા મળ્યા.

**ગુરૂ ગુણપતિ શારદા ત્રણે નમન કરવાને ઠામ,**
**માત-પિતાના ચરણોમાં અડસઠ તિરથ ધામ**

બચપણથી એવા સંતોના ચરણોમાં રમ્યો છું કે જયારે યાદ કરૂ છું ત્યારે એમના અમૃત વચનનો રોમ રોમ રણૂકાર થાય છે ને એમના એવા આશિર્વાદ હતા કે તને એવા ગુરૂ મલશે કે જે અમુલખ વસ્તુની ઓળખાણ કરાવશે ને તેજ પ્રમાણે આજે સમરથ સદ્‌ગુરૂજી અખંડાનંદ સાગરજીના ચરણોમાં સ્થાન મળ્યું છે ને જેમણે એક જ વચનમાં અખંડ આનંદની અનુભૂતિ કરાવી છે એ આનંદમાંથી મારા મુખમાંથી ગુરૂજીનું વચન નિકળી તેમના ગુણ ગાન કરવાની પ્રેરણા થઈને અંતર આત્માનો સૂર સરી પડયો.

**આવો તોયે સારૂ ના આવો તોયે સારૂ**
**તમારૂ સમરણ છે ગુરૂજી તમારાથી પ્યારૂ**

જયારે રામ સીતાની શોધ કરવા માટે લંકામાં જવાની વિચારણા કરી સેતુ બંધ બાંધવા તૈયાર થયા પણ જે પથ્થર નાખે તે પાણીમાં ડુબી જવા લાગ્યા ત્યારે હનુમાનજીએ દરેક પથ્થર પર રામનામનો મંત્ર લખી પાણીમાં પથ્થર તરતા કર્યાને સેતુ તૈયાર કર્યો તો દરેક સંતો ભક્તો ગુરૂજીના વચનનો આ મહીમા છે. જયારે રામ લંકામાંથી અયોધ્યા પાછા આવ્યા ને સર્વ મિત્રોને બોલાવી આદર પૂર્વક સન્માન આપી સર્વને આભાર વ્યક્ત કર્યો ત્યારે સીતાજીએ ખુશ થઈ તેમના ગળાનો નવ લખો હાર કાઢી પ્રેમથી હનુમાનજીના હાથમાં આપ્યો ત્યારે હનુમાનજી એક એક મોતી તોડી તોડીને ફેકવા લાગ્યા. ત્યારે સીતાજી બોલ્યા કે હનુમાન કેટલો કીંમતી હાર મેં તને આપ્યો છે ને તમે તોડીને ફેકી કેમ દો છો ત્યારે હનુમાનજી બોલ્યા કે માતાજી જેમાં મારો રામ ના હોય એ વસ્તુ મારે શા કામની ત્યારે સીતાજી બોલ્યાં તો તારો રામ કયાં છે. તે વખતે તેમની બાજુમાં રામ બિરાજમાન હતા પણ હનુમાનજીએ એ રામને ન બતાવ્યા કેમ કે આરામ તો આજે છે કાલે નથી એટલે તેમને છાતી ચીરી સીતા રામનાં સર્વને દર્શન કરાવ્યા તો એવી જ રીતે આપણા સર્વની અંદર પરમ કૃપાળુ પરમાત્મા સ્વરૂપ સદ્‌ગુરૂ મહારાજ પ્રગટ છે એટલે જ આપણે સદ્‌ભાવનાથી સત કાર્ય કરી આનંદ અનુભવીએ છીએ ને એ આનંદ સદાય રહે એટલા માટે સદ્‌ગુરૂજી આપણને કોટી સૂર્ય સમાન તેજસ્વીને વૈરાટ સ્વરૂપના દર્શન કરાવે તેવા મહામુનિ સંત પરમ પૂજ્ય સ્વામી શ્રી જગદીશાનંદજી મહારાજને મોકલ્યા છે તો આપણે આવા સંતોના શરણે તેમના એક એક વચન ગ્રહણ કરી સત્ય સ્વરૂપની ઓળખાણ કરીએ કારણ કે ઘાટ જુદા જુદા છે પણ માટી સર્વમાં એક છે તેમ પરમાત્મા સર્વમાં એક છે એવું જ્ઞાન સદ્‌ગુરૂજી આપે છે તો દ્રઢ વિશ્વાસ રાખી મનને ગુરૂજીના શબ્દના સમરણમાં જોડી દો.

**આનંદ ધૂન લાગી આજ મને,**
**હરિ ભજવાની લેર જાગી,**
**સમરથ સદ્‌ગુરૂજી મળીયા,**
**આનંદ ધૂન લાગીજી...**

તો આપણા સદ્‌ગુરૂ ભગવાન સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીએ આપણામાં અખંડ આનંદ ભરી દીધો છે એટલે જ કહ્યું છે **મન તું અળગું તે કયાં અથડાય બીજો નથી બોલતો** તો પરમાત્મા સર્વ સ્થળે વ્યાપક છે. તો તેની ઓળખાણ કરો ને જન્મ સફળ બનાવી અખંડ આનંદમાં રહો.

સર્વ સંતો ભક્તોના ચરણોમાં મારા કોટી કોટી પ્રણામ સૌને જય સચ્ચિદાનંદ...

# અતીથી દેવ

રજુ. રણછોડભાઈ
(અઘેવાડા)

યુધિષ્ઠીર રાજાએ અશ્વમેઘ યજ્ઞ કર્યો તેમાં પૃથ્વી ઉપરના બધા જ રાજ્યને જીતીને પછી યજ્ઞ કરવામાં આવે છે તેમાં યજ્ઞ શાળામાં ધન, ધાન્ય ગાય પશું અને બધી દ્રષ્ટિ સંપન્ન અને આનંદ પમાડે તેવી હતી. બ્રાહ્મણ અને વેશ્યો માટે ત્યાં સ્વાદિષ્ટ અન્ન ભંડાર ભરેલા હતા. દરરોજ એક લાખ બ્રાહ્મણો ભોજન કરી લીધા બાદ ઘંટ વગાડવામાં આવતો. અન્નનાં પર્વત જેટલાં ઢગલા હતા. દહી અને દુધની નદીઓ હતી. ઘીના અનેક તળાવ ભર્યા હતા. સેકડો હજારો માનવો અને બ્રાહ્મણો આવતા હતા. જાત-જાતના ભોજન પિરસાતા હતા. અનેક પ્રકારે દાન-દક્ષીણા આપવામાં આવતી હતી. સારી પૃથ્વી પર અશ્વમેઘ યજ્ઞની ખ્યાતી થઈ અને યુધિષ્ઠિર રાજાને ધન્યવાદ આપવામાં આવતા અને દેવતાઓ આકાશમાંથી પુષ્પ વૃષ્ટિ કરતા હતા. યજ્ઞની ખ્યાતી સાંભળીને એક નોળીયો આવ્યો. તેની આંખો ભુરી હતી અને અડધ પડખુ સોનાનું હતું. આવતાની સાથે ભયંકર અવાજ કરીને સઘળા મૃગ અને પક્ષીઓને ભયભીત કરી દીધા અને મનુષ્યની ભાષામાં બોલ્યો હે રાજાઓ તમારો યજ્ઞ કુરુક્ષેત્ર નિવાસી એક ઉચ્ચ વૃત્તિધારી ઉદાર બ્રાહ્મણના શેર સતુના દાન બરાબરી પણ કરતો નથી. ત્યારે નકુળ અને બ્રાહ્મણોએ કહ્યું આ યજ્ઞમાં સાધુપુરુષોનો સમાગમ થયો છે. સારી પૃથ્વીના રાજાઓ અને સારી પૃથ્વીના માનવોએ અન્નનું ભોજન લીધું છે અને અનેક પ્રકારના દાન-દક્ષીણા આપવામાં આવેલાં છે. તું કયાંથી આવી ગયો અને તારામાં કયું બળ છે. કયા શાસ્ત્રનું જ્ઞાન છે. તું યજ્ઞની કેમ નિંદા કરે છે. અમે શાસ્ત્ર અને ન્યાય અનુસાર પુજનીય પુરુષોની પૂજા કરી છે. અગ્નિમાં મંત્રો ભણીને આહુતી આપવામાં આવી છે. રાજાવો અને મનુષ્યોને સંતુષ્ટ કરવામાં આવ્યા છે. અને યજ્ઞ પૂર્ણ કરવામાં આવ્યો છે. તું આ યજ્ઞ પર આક્ષેપ કરે છે તું બુધ્ધિમાન દેખાય છે તેને દિવ્યરૂપ ધારણ કરે છે તું સાચે સાચું જણાવ તું તેનું કારણ બતાવ નોળીયો હસીને કહે છે. મે તમને મિથ્યા કે અભિમાનમાં વશ થઈને કહ્યું નથી. મે જે જાણીયું અને માણીયું તે તમને કહ્યું છે. સાંભળો કુરૂક્ષેત્રમાં ઉચ્ચ વૃધ્ધિધારી બ્રાહ્મણોનું સતુનું દાન કહ્યું છે. થોડા દિવસ પહેલાની વાત છે. ધર્મક્ષેત્ર કુરૂક્ષેત્રમાં એક બ્રાહ્મણ અને મહાત્મા રહે છે. બ્રાહ્મણ કબુતરની જેમ અન્ન દાણા વીણી વીણીને લાવતા અને તેમાં પરિવારનું પાલન કરતા તેયો તેની પત્ની-પુત્ર-પુત્ર વધુ સાથે તપસ્યા કરતા બ્રાહ્મણ દેવ સુંદર આચાર-વિચારનાં ધરમાત્મા હતાં. ત્યા ભયંકર દુશ્કાળ પડયો હતો. બ્રાહ્મણ પાસે પેટ ભરવા માટે મુશ્કેલ થયું અને આ રીતે તેમને અનેક દિવસનાં ઉપવાસ થવા માડીયા તેવામાં તેને એક સેર જવ મળી ગયા અને જવને રાંધીને તેનો સેતુ બનાવ્યો. સેર સેતુના ચાર ભાગ કરીને જમવાં બેઠાં તેવામાં ત્યાં એક અતિથી બ્રાહ્મણ આવ્યા અને તેને જમવાનું માગ્યું ત્યારે બ્રામણે અતિથી ને બેસાડયાં અને તેને તેના ભાગનું ભોજન અતિથીને આપ્યું બ્રાહ્મણે ભોજન લીધું છતાં તે ભુખ્યા રહ્યા ત્યારે બ્રાહ્મણની પત્નીએ જોયું તો બ્રાહ્મણ હજુ ભુખ્યા છે. તો તેને પોતાનો ભાગ અતિથીને આપી દીધો. બે ભાગ જમ્યા પછી પણ બ્રાહ્મણ ભૂખ્યા રહ્યા. ત્યારે તેના પુત્રએ પણ તેના ભાગનું આપી દીધું પુત્ર વધુ એ તેનો ભાગ આપી દીધો. બ્રાહ્મણ તેની પત્ની, તેનો પુત્ર અને પુત્રવધુ અનેક દિવસથી ભૂખ્યા હતા. છતા પણ પેલા અતિથી બ્રાહ્મણને ભોજન આપ્યું અને તેમનાં પ્રાણ રહે તેમ ન હતા. છતાં પણ ભોજન આપ્યું આ રીતે બ્રાહ્મણ તેની પત્ની અને પુત્ર અને પુત્રવધુએ પ્રાણ ત્યાગી દીધા ત્યારે ધર્મ ખુદ પ્રગટ થયાં ત્યારે ચારે આત્માને સ્વર્ગ લઈ ગયા. પોતાના પ્રાણનો વિચાર કર્યા વગર અતિથીને ભોજન કરાવ્યું જયાં ભોજન કરતા જે અંનના દાણા અને જે ભોજન કરેલી જગ્યા પવિત્ર થઈ ગઈ. આ વાતને મે સાંભળી હું ત્યાં ગયો અને તે જગ્યા પર હું આળોટીયો એટલે ત્યાં મારા શરીરનો અડધો ભાગ સોનાનો થઈ ગયો. પછી જયાં સતકાર્ય થાય છે. ત્યાં હું જાઉં છું અને મારો પૂરો ભાગ સોનાનો કરવા માટે હું જાવ છું તમારા અશ્વમેઘ યજ્ઞમાં આવીને હું આળોટીયો પણ હું સોનાનો પૂરો થયો નથી. એટલે આ મારું પ્રમાણ છે કે બ્રાહ્મણના શેર સતુનું દાન તમારા અશ્વમેઘ યજ્ઞ કરતા ચડીયાતું છે. હે રાજાઓ અને હે બ્રાહ્મણો જો તમારો યજ્ઞ સાત્વીક હોય તો મારું શરીર સોનાનું થવું જોઈએ અને તે થયું નથી એટલે શેરસતુનું દાન શ્રેષ્ઠ છે.

જો અતીથીનો સત્કાર કરવાથી સ્વર્ગ પણ મળે છે. અતીથી ને જમાડવાથી ધર્મને પણ પ્રગટ થવું પડે છે અને ધર્મ જે પાળે છે અને જાણે છે તે આજે અન્નક્ષેત્ર ચલાવે છે અને અન્નનું દાન સર્વશ્રેષ્ઠ દાન છે. અને અન્નક્ષેત્રમાં ભગવાન રોજ ભોજન લેતા હોય છે. ભગવાન ચૈતન્ય સ્વરૂપે વ્યાપક છે. તો ભીખારીના સ્વરૂપે માનવ સ્વરૂપે કે સાધુના સ્વરૂપે ભોજન લેવા આવે છે. તેમા ભગવાનના સ્વરૂપે ભોજન કરાવવું જોઈએ. જયાં ભગવાન પ્રગટ થયા હોય ત્યાં જ અન્નક્ષેત્ર ચાલે છે. આવા ક્ષેત્ર તન, મન, ધનથી સેવા કરી ધન્ય બનીયે.

॥ જય સચ્ચિદાનંદ ॥

**ગતાંકથી ચાલુ...**

ભગવદ્‌ગીતા જ્ઞાનનું લક્ષ્ય, મન, વચન, કર્મને પવિત્ર બનાવવું. આત્માના સ્વરૂપમાં સ્થિત થવું. પરમપિતા પરમાત્માથી યોગ યુક્ત થવું. જીવનમાં દિવ્ય ગુણ ધારણ કરવા તથા બીજાની પણ જ્ઞાન સેવા કરવી અથવા જ્ઞાન યજ્ઞ રચવાની વાત છે. તે માટે હવે આપણે મોહ-મમતાનો ત્યાગ કરી વિકારો સાથે યુધ્ધ કરી લેવું જોઈએ. લોકલાજ આસુરી, મર્યાદા, સંકોચ ભય વગેરેને છોડીને હવે યોગ દ્વારા મુક્તિને તથા દેવપદ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ. મિત્રો ભગવદ્‌ગીતા અદભૂત છે. દરેક વ્યક્તિએ અચૂક તેનો અભ્યાસ કરવો જોઈએ.

મિત્રો રામાયણની કથા પણ સૂચવે છે કે મનુષ્યનાં કર્મો પાકે ત્યારે તેનું ફળ ભોગવવું જ પડે છે, જેવાં કર્મો તેવું તેનું ફળ ! "કેટલું જીવીશું એ આપણા હાથની વાત નથી, પણ મિત્રો જીવીને પ્રેમથી કેમ વર્તુવું. એ આપણા હાથની વાત જરૂર છે. જેટલું જિવાય એટલું પ્રેમથી જીવી લેવું જોઈએ, જેથી સંતોષથી દુનિયા છોડી શકીએ." મિત્રો ગીતામાં કહ્યું છે કે જે હિતેચ્છુ, મિત્ર, શત્રુ, તટસ્થ, નિષ્પક્ષ, મધ્યસ્થ, સ્વજનો, પવિત્ર અને પાપીજનો સૌ પ્રત્યે જે મનથી સમાન ભાવ રાખે છે તે મનુષ્ય સૌથી ચડિયાતો (શ્રેષ્ઠ) છે.

મિત્રો મૃત્યુનો પરિચય એ માનવજીવનની ઓળખ છે. જયારે જીવનમાં દુઃખ, યાતના, નિરાશા, વિષાદ, સમસ્યા, પરાજય, વિષમતા, મુશ્કેલી, પ્રતિકૂળતા, સંઘર્ષ, પડકાર, હતાશા વગેરે આવે ત્યારે અને મૃત્યુ આવે ત્યારે આ બધાનું ભાન થાય છે. જેમ બાગનો સાચો પરિચય કયારે થાય કે જયારે ગુલાબ જેવાં સુંદર ફૂલોને ચૂંટતી વખતે કાંટા ભોંકાય છે ત્યારે તેની વેદનાનો અનુભવ થાય છે. ફૂલોના મોહમાં આપણે આંધળા થઈને કાંટાનો અધિકાર ભૂલી જઈએ છીએ, જીવનરૂપી ગુલાબને પામવા મૃત્યુરૂપી કાંટો વાગે જ છે, જેનાથી જીવન કેવું છે અને કેવું જીવવું જોઈએ તેનો સાચો પરિચય થાય છે. મૃત્યુની ઓળખ જ જીવનને આનંદમય અને મંગલમય બનાવે છે. માનવીના અસ્તિત્વને સમજાવે છે. જીવનમાં કરવાનાં કાર્યોનો સંકેત આપે છે. સારું જીવન જીવવાની શક્તિ આપે છે. મૃત્યુનો સામનો કરવાની હિંમત આપે છે, મૃત્યુનો ભય ઓછો કરે છે, જીવનને સાર્થકતા બક્ષે છે, જીવનની યથાર્થતા સમજાવે છે અને જીવનનું દર્શન કરાવે છે. "મૃત્યુનો પરિચય" લખતાં મને નીચેની પંક્તિઓ યાદ આવી છે.

"જન્મ્યો" ત્યારથી મૃત્યુનો પરિચય લઈને આવ્યો છું. જીવન જીવતાય ખરેખર હું મૃત્યુનો પરિચય પામ્યો છું. અંત સમયે મૃત્યુ શું છે તેનો પરિચય પામ્યો છું, મૃત્યુ ભલે ને આવે, ગત જન્મનો પરિચય લઈને આવ્યો છું.

મૃત્યુ વખતે સૂક્ષ્મ શરીરમાંથી જીવ દેહ કેવી રીતે છોડે છે તે પણ સમજી લેવા જેવું છે. એમ કહેવાય છે કે માનવી મૃત્યુ પામે ત્યારે તેનો આત્મા એટલે કે પ્રાણ, આંખ, નાક, મોં, કાન અને ગુદા અથવા ઉપસ્થમાંથી જાય છે. મૃત્યુની અંતિમ પળેજો આપણે કદાચ હાજર હોઈએ તો એ દેખાય છે જે મોતનો અહેસાસ છે. બીજી માન્યતા મુજબ જીવાત્મા બે આંખોની ભ્રમરો વચ્ચે કપાળના નિજનભાગમાં આવેલાં આજ્ઞાચક્રમાંથી દેહ છોડી દે છે - તે વખતે મનુષ્યની આંખો મૃત્યુ પહેલાંની ક્ષણોમાં ઊંચી આજ્ઞાચક્ર તરફ થઈ જાય છે. આવું ઘણાં કિસ્સાઓમાં જોવા મળે છે. આ માન્યતા મુજબ ફક્ત આજ્ઞાચક્રમાંથી જ જીવ જાય છે એમ કહેવાય છે. આત્મા શરીરમાંથી છૂટો પડે છે એ જે માર્ગે આવ્યો હોય તે જ માર્ગે બીજી યોનિમાં ચાલ્યો જાય છે. માનવીનું હૃદય બંધ પડે છે. નાડીના ધબકારા બંધ થાય છે. પરંતુ થોડી ક્ષણો મગજ તો જીવતું જ રહે છે. મગજ બંધ પડતાં ખરેખર મૃત્યું થયું કહેવાય છે. કર્મ,

શરીર અથવા કારણ શરીર એટલે કે મન આત્મા સાથે જ જાય છે. આ બધી શ્વાસની લીલા છે. શ્વાસ બંધ થતાં માનવી મૃત્યુ પામે છે. મૃત્યુથી જીવનનો અંત નથી આવતો, એ તો જીવનને બીજા જીવન જોડે જોડતો માર્ગ છે.

મૃત્યુ જીવનને સુંદરતા બક્ષે છે. મૃત્યુ જીવનને જીવવા જેવું બનાવે છે. જિંદગી કેટલી સુંદર છે તેનો ખ્યાલ મૃત્યુ પરથી જ આવે છે. જે મૃત્યુને સાચી રીતે ઓળખે છે તેજ સારું જીવન જીવી શકે છે. મૃત્યુનો ભય માનવજીવન ને ગતિશીલ અને ચેતનવંતુ બનાવે છે. મૃત્યુને લીધે માનવજીવનમાં ચેતના અને સભાનતાનો સંચાર થાય છે. એનાથી માનવી ગતિશીલતા પ્રાપ્ત કરે છે અને ચેતીને જીવન વ્યવહાર કરે છે.

મૃત્યુ ધર્મને સમજાવે છે. મૃત્યુ ન હોત તો માનવી એટલો ધાર્મિક બની શક્યો હોત ખરો ? આ એક અગત્યનો સવાલ છે. મૃત્યુને લીધે માનવી ધર્મમાં માનતો થઈ જાય છે અને ધર્મનો આશરો શોધે છે. ધર્મમાં આસ્થા ધરાવે છે. ધર્મનું પાલન કરે છે. મિત્રો મૃત્યુએ પુનઃજન્મનું દ્વાર છે, મહાવીર સ્વામી કહે છે, "મરતી વખતે મનુષ્ય જે લેશ્યા (વિષય વાસના) માં મૃત્યુ પામે છે. આત્મા એવા કર્મ પુદ્‌ગલ (કર્મ શરીર) સાથે પુનઃજન્મ ધારણ કરે છે." મૃત્યુથી જીવનનો અંત ભલે આવતો હોય પરંતુ આત્માનો બીજી યોનિમાં પ્રવેશી પુનઃજન્મ થાય છે.

મિત્રો મૃત્યુ ન હોત તો ? કલ્પના કરો, "જો મૃત્યુ જ ન હોત તો જગતમાં ધર્મ પણ ન હોત" મૃત્યુને કારણે જગતમાં ધર્મ છે. કારણ કે ધર્મ જ મૃત્યુનો મહિમા, રહસ્ય, અગત્યતા અને આવશ્યકતા સમજાવે છે.

"મૃત્યુ ન હોત તો આપણાં સૌના દાદાના દાદા, એમના પણ દાદાના દાદા અને એમના પણ દાદાના દાદા આ પૃથ્વી પર જીવતા હોત અને પૃથ્વી પર જીવવું વસમું બની જાત." મૃત્યુ ન હોત તો વસ્તી વિસ્ફોટ કેટલો થાત ? અનાજપાણીની તંગી વર્તાત મૃત્યુ ન હોત તો માનવ હેવાન બની જાત. મૃત્યુ ન હોત તો ભગવાનને પણ કોણ યાદ કરત. પાપના સરવાળા અને ગુણાકારો જ થયા હોત. સ્વર્ગ અને નરકની કલ્પના પણ ન હોત મૃત્યુ ન હોત તો મનુષ્ય ભાગ્યે જ તત્ત્વ ચિંતન તરફ વળ્યો હોત વિશ્વના બધા જ ધર્મો અને તત્ત્વચિંતકો મૃત્યુની અનિવાર્યતાને સમજવાનું જ કહે છે.

મિત્રો મહાભારતની એક પ્રસિધ્ધ કથા છે. વનવાસ ભોગવી રહેલાં પાંચ પાંડવોની આખી કથા લેખમાં વર્ણન કરવામાં આવે તો ત્રણ પાના ભરાય તેમ છે. ટુકો સાર તમોને જણાવું છું. યક્ષે યુધિષ્ઠિરને જે પાંચ પ્રશ્નો પૂછેલા તે પૈકી એક મહત્ત્વનો અને તલસ્પર્શી પ્રશ્ન હતો, "સંસારમાં સૌથી મોટું આશ્ચર્ય શું છે ?" - આ આંખ ખોલનાર પ્રશ્નનો યુધિષ્ઠિરે જવાબ બહુ સરસ જવાબ આપ્યો હતો : "પૃથ્વી પરનું સૌથી મોટું આશ્ચર્ય મનુષ્ય સ્મશાનમાં સ્વજનને અગ્નિદાહ આપીને ભસ્મીભૂત થતો જોઈને પાછો ફરીને, ફરીથી સંસારમાં રસ લેતો થઈ જાય છે. વ્યક્તિને મૃત્યુ પામતી જોવા છતાં પણ માણસને એ ખ્યાલ નથી આવતો કે હું પણ મરીશ." બધાં જ એકબીજાનું મૃત્યુ જોઈને દુઃખી થાય છે. છતાં કોઈને સ્મશાન વૈરાગ્ય આવતું નથી ! મૃત્યુની આ સમજ ભાગ્યે જ કોઈ વિરલ વ્યક્તિને આવે છે.

મિત્રો મહાભારતમાં ધૃતરાષ્ટ્ર એક વખત યમરાજના અવતાર એવા વિદુરજીને સવાલ પૂછે છે કે, સર્વ વેદો અને શાસ્ત્રોમાં માનવીનું આયુષ્ય ૧૦૦ વર્ષનું દર્શાવેલ છે. છતાં માનવી પૂરું આયુષ્ય કેમ ભોગવી શકતો નથી અને મૃત્યુનું આગમન વહેલું કેમ થાય છે ? - વિદુરજી ધૃતરાષ્ટ્રના આ માર્મિક પ્રશ્નનો ઉત્તર મહાભારતના ગ્રંથમાં આપતાં જણાવે છે. મનુષ્યના આયુષ્યની અવધિ (મુદ્દત) શ્વાસોની સંખ્યા પર આધારિત છે, નહિ કે કલાક, દિવસ, મહિના, વર્ષ કે કાળ પર જે મનુષ્યમાં છ દોષો જેવા કે (૧) અધિક અભિમાન (૨) ક્રોધ (૩) અધિકવાણી (૪) ત્યાગનો અભાવ (૫) અંગત સ્વાર્થ અને (૬) મિત્રદ્રોહ આવી જાય છે જેને કારણે હૃદયમાં ઉત્તેજના અને આવેશનું પ્રમાણ વધી જતાં શ્વાસનો આવેગ વધી જાય છે. આ કારણે શ્વાસની સંખ્યા જલ્દીથી પૂરી થઈ જાય છે. પરિણામે આયુષ્યના દિવસો ઘટી જાય છે.

**ક્રમશઃ**

## ગુરૂ અખંડાનંદ સ્વામીની ધૂન

વાલજીભાઈ કલ્યાણભાઈ વઘાસિયા
પીપળીયા

**(રાગ :– હર–હર શંભુ ભોળા તમારી ધૂન લાગી)**

તમારી ધૂન લાગી ગુરૂ અખંડાનંદ તમારી ધૂન લાગી,
ચાણોદમાં સમાધિવાળા તમારી ધૂન લાગી
તમને ગુરૂ શિવોહંસાગર મળીયા - તમારા ચોરાશીના ફેરા ટળીયા,
તમારી ભક્તિમાં ભાવના જાગી, ગુરૂ અખંડાનંદ તમારી ધૂન લાગી...૧
કાશી વિશ્વનાથને તમે પ્રસન્ન કર્યા તમારા જન્મોજનમના પાપને હર્યા,
તમારી ભીતરમાં ભાવના જાગી, ગુરૂ અખંડાનંદ તમારી ધૂન લાગી...૨
નાભી કમળમાં નાદ રે જગાવ્યો, દસે દરવાજે ગુંજરો રે આવ્યો,
તમારા બ્રહ્મ રંધ્રમાં ઝાલર વાગી, ગુરૂ અખંડાનંદ તમારી ધૂન લાગી...૩
જીવ શિવનો તમે ભેદ રે ટાળ્યો, એક અદ્વૈત બ્રહ્મ નિહાળ્યો,
ત્રિવેણીમાં તુરીયા જાગી, ગુરૂ અખંડાનંદ તમારી ધૂન લાગી...૪
ષટ્ ચક્રોને તમે છેદી રે નાખ્યા, તમારા બ્રહ્મ રંધ્રમાં નાદ રે વાગ્યા,
તમારી જયોત ત્રિલોકમાં જાગી, ગુરૂ અખંડાનંદ તમારી ધૂન લાગી...૫
દસે પ્રકારના નાદ રે વાગ્યા, શૂન્ય શિખર પર ગુંજવા રે લાગ્યા,
તમે કનક કાન્તાના છો ત્યાગી, ગુરૂ અખંડાનંદ તમારી ધૂન લાગી...૬
જગા બાપાને પાવન કર્યા, માના પૂંજા બાની કુખે જન્મ ધર્યા,
ગામ પીપળીયામાં તમે વૈરાગી, ગુરૂ અખંડાનંદ તમારી ધૂન લાગી...૭
ગુરૂ પ્રતાપે ગાઈ રે વાલકો, ગુરૂ અખંડાનંદ તમારો છું ચેલકો,
ગુરૂ ચરણોમાં લગ્ની જાગી, ગુરૂ અખંડાનંદ તમારી ધૂન લાગી...૮

## ભજન

યુ.એસ.એ.
શ્રી સચ્ચિદાનંદ સત્સંગ મંડળ

ગુરુ મળ્યા ગુણવાળા, મળ્યા જી મુને ગુરુ મળ્યા ગુણવાળા...૦
હૈયાની હાટડીમાં કળશી કચરો, ને ઉપર જામ્યાં તો જાળાં
સંત સહાયથી બધુંયે સુધર્યું, ને ખૂલ્યાં કટાયેલ તાળાં....૧
કૂડાં કરમનો કસ્તલ કૂડો, મુને બંધન કોટિક કાળાં
દેવનાં દર્શને દુઃખડાં ટળિયાં ને, પથરાયા અજવાળાં...૨
જૂઠ જણાણું મુને જર ઝવેરાત, જૂઠાં હાર મોતી પરવાળાં
ગુરુ - ઘરેણું મુને લાખેણું, એના કો'ક જ મૂલવણહારા...૩
ખેતર ખેડ્યાં ખોડવંકા ને, ઢેખવંતા શેકેલ દાણાં
પ્રગટ પ્રભુએ તોયે પકવિયાં, ડૂંડાં કોટિક કણવાળા..૪
હરિ હિસાબી મેલે હિસાબ કરી, કરી કોટિ કરમ પે કુંડાળા
ગુરુનું ગૌરવ ગાય છે 'બાપુ', એનાં કોટિ મીડાં એકડાળાં..૫

માગુ ગુરુજી હાથ જોડી જોડી, સમજણ આપોને મને થોડી થોડી.
સમજણને શક્તિનો આપજો સહારો, નાથ છો નાથ એક આશરો તમારો.
થાક્યો છું દુનિયામાં દોડી દોડી........સમજણ આપોને મને........
ભક્તિ વિનાની હું તો ભવરણ ભટકું, કારણકે લાગ્યુ મને માયાનું છટકું.
શ્રધ્ધાનો સથવારો દીધો છોડી........ સમજણ આપોને મને........
મારા નથી તેને મારા કહુ છું, વૈભવ વીલાસ માટે દુઃખડા સહુ છું.
મુક્તિની કિંમત મેં કીધી કોડી........સમજણ આપોને મને........
કામને ક્રોધમાં દેહને દમે છે, લાલચ લોભમાં મનડું રમે છે.
આવી ચાલે છે મારી જીવન નૌકા...સમજણ આપોને મને...
અખંડાનંદ સ્વામી ભવસાગરથી તારજો, બાળક જાણીને બુધ્ધિ સુધારજો
માયાના બંધન બધા નાખો તોડી........સમજણ આપો ને મને......

---

**(રાગ : મારી હુંડી સ્વીકારો મહારાજ રે)**

મારા પ્યારા પરમ ગુરુદેવ રે સદ્ગુરુ સુખકારી
તમને ભુલવાની મને કુટેવ રે, સદ્ગુરુ સુખકારી...ટેક.
અગમ દેશથી ગુરુજી આવિયા, અમેરિકામાં કર્યો નિવાસ.
સચ્ચિદાનંદનું સ્થાપન કર્યુ, તમે અદ્ભુત રચ્યો ઈતિહાસ રે..સદ્ગુરુ
સિધ્ધાંત સર્વે સર કર્યા, અનુભવ આપ્યો કોઈ ઓર
પંચ વિશેષણ પ્રકાશિત કરી, ઉપર મારી કર્તાની મહોર રે ,..સદ્ગુરુ
ધણી પદ વિનાના ધર્મની, તમે ખોળી દેખાડી ખોડ
અંશી પદની ઉણપ માટે, બાદલ ગુરુઓ સાથે બાંધી હોડ રે,..સદ્ગુરુ
અચરત બાને ઉગાળીયા, નર વેદનો નિવાર્યો નેહ
અવિગત નો દેશ દરશાવીને, શરણાગતના ટળ્યા સંદેહ રે..સદ્ગુરુ
ડગલે ને પગલે સાંભરે, ગુરુ બાપુ તમારો બોધ
અધમ જનોને ઉધ્ધારવા, વાલા જ્ઞાનનો વહાવ્યો ધોધ રે. ...સદ્ગુરુ
લાંબા સમયથી શોધતા, મળ્યો સામગ્ર ગુરુનો સંગ
કોઈકના કર્મે આવી મળ્યા, ભલો રાખ્યો ભક્તોનો રંગ રે.. સદ્ગુરુ
તમે રાજા હું રંક છું, તમે શાહુકાર હું ચોર
બાના પત રાખશો બાપુ, મારો તમારા હાથમાં દોર રે..સદ્ગુરુ સુખકારી
કરુણા સાગરે કરુણા કરી, મારા પૂર્યા મનના કોડ
કર જોડીને વિનંતી કરે, તમ દાસનો દાસ રણછોડ રે..સદ્ગુરુ સુખકારી

**(રાગ : દર્શન દેવા આવો)**

દર્શન દેવા આવો ચાણોદમાં અખંડાનંદજી
દલડુ મારૂ દર્શન વિના થયું અંધકારજો, દર્શન દેવા....
તમારા વિનાનું ગુરૂજી દલડુ રે સુનું
સુના આશ્રમને એવા સુના ચાણોદ ધામજો
સુના સુના ઝાલરના જણકારા મારા બાપજી ...દર્શન૦
પીપળીયા ગામે જન્મ ધરી ઉજાળ્યું પટેલ કુળ જો
ગાબાણી જ્ઞાતીના અમર કર્યા નામજો
પટેલ કુળમાં દીવડો પ્રગટીયો, ધન્ય અખંડાનંદજી..દર્શન.
નાની રે ઉંમરમાં ગુરૂજી તમે રે પધાર્યા
શીવોહં સાગરજી પ્રેમથી ચરણે સ્વીકાર્યા
અમરગાથા આજ એની ચારે ધામ વંચાયજો ..દર્શન૦
સાકર દુધ ભેળા મળી અમીરસ અમને પાયજો
સુગરા હોય તે પી જાણે નુગરા નીકળે છે બહાર જો
અમૃત રસ પ્રેમે પાયા, સ્વામી અખંડાનંદજી... દર્શન
ચરણ રજનું ગુરૂજી ચરણામૃત આપો
કષ્ટ હમારા ગુરૂજી સઘળા રે કાપો
અરજી સુણીને વેલા પધારો ગુરૂદેવ....દર્શન૦

**॥ દર્શન આપશો ॥**

ક્યારે મળશો અમને ગુરૂજી અખંડાનંદ, ક્યારે સેવકને સંભારશો,
તમ ભરોસે મે તો નાવડું મેલ્યું, તારો ડુબાડો તમ હાથમાં.
તમ વિયોગ ગુરૂજી વસમો લાગે, આવીને દર્શન અમને આપજો,
આશ્રમ સુના લાગે ગુરૂજી, દિવસો જાય મારા દોયલા.
નિંદ્રા ના આવે મુજને ભોજન ના ભાવે, વાટલડી જોઈ જોઈ જાશે જીવડો,
રાત દિવસ હું તો જોતી વાટલડી, ક્યારે આવીને દરશન આપશો.
તમ વિના જીવન સુનું રે લાગે, ચિત્ત સોંપ્યું છે ગુરૂજી આપને,
ઘડીયે ઘડીયે મુજને ભણકારા લાગે, સન્મુખ દર્શન દેજો શીશુને.
ગુરૂજી અખંડાનંદ એટલું માગું, શીશુને ચરણોમાં રાખજો... ક્યારે મળશો.

સદ્‌ગુરુ શરણે રે હો જઈએ, જઈને આપણે સુખીયા થઈએ...સદ્‌ગુરુ
તનમન ધન અર્પણ હો કરીએ, પ્રાણ માગે તો પ્રાણ પાથરીએ...સદ્‌ગુરુ
ગુરુને ગોવિંદ એક હો જાણીએ, આધીન થઈને હરિરસ માણિએ...સદ્‌ગુરુ
આડીને અવરી વાતો ન કરીએ, હરિ ભજનમાં એકતાર થઈએ....સદ્‌ગુરુ
મુંગે તે મોઢે બેસી નવ રહીએ, ના બોલે તેને બોલવાનું કહીએ...સદ્‌ગુરુ
ગુરુની નિંદા કદી નવ કરીએ, કોઈ કહે તો કાને નવ ધરીએ....સદ્‌ગુરુ
કડવા વચન તો મીઠાં માની લઈને,
કડવું કહે તો ખીજાઈ નવ જઈએ...સદ્‌ગુરુ
આજનો લ્હાવો પ્રેમે પ્રેમે લીજીએ,
બહમ થઈને પરબ્રહ્મને ભજીએ...સદ્‌ગુરુ
ગુરુના ગુણ ગાય શંકર ભાવે, સદ્‌ગુરુ તોલે કોઈ ના આવે...સદ્‌ગુરુ

આંખ મારી ઉઘડે ત્યાં ગુરુદેવ દેખું, ધન્ય મારૂં જીવન કૃપા એની લેખું
ગુરૂદેવ, ગુરૂદેવ રસના ઉચ્ચારે, ગુરૂજીનો આનંદ મારે અંતર આવે
ગુરૂજીના કિર્તન મારે, અઢળક નાણું, ગાવું મારે નિશદીન ગુરૂજીનું ગાણું
ગુરૂજીના ભક્તો મારે, સગાને સંબંધી, છુટી ગ્રંથી તુટી, મારી માયાની બંધી
ગુરૂ ભક્તિ વધે, મારી પૂર્ણિમા જેવી, સર્વ સંતો મારા, આશિષ દેજો એવી
જેણે શ્રી ગુરૂ ચરણ રસ ચાખ્યો, તેણે સંસારને મિથ્યા કરી નાંખ્યો.
એ રસને ઉપમન્યુ એકલવ્યે ચાખ્યો, એ રસને તોટકે હૃદયમાં રાખ્યો.
એ રસને જાણે છે અખંડાનંદ સ્વામી, એ રસને જાણે છે જગદીશાનંદ સ્વામી
આંખ મારી ઉઘડે.

**(રાગ : આભમાં ઝીણી ઝબુકે વિજળી રે)**

સદ્ગુરુ દેવને સમરું સ્નેહથી રે, કીધો મને પથ્થરમાંથી દેવ... સદ્ગુરૂ.
મોહ નિંદ્રાથી જગાડ્યો મુજેને રે, તોડ્યો તિમિર પટ તતખેવ... સદ્ગુરૂ.
જ્ઞાન અમૃતન । પાયા ઘૂંટડા રે, નાખ્યું ઉતારી માયાનું ઝેર... સદ્ગુરૂ.
આતમ પદ ઓળખાવ્યું પ્રેમથી રે, આવી આવી આનંદની લ્હેર.. સદ્ગુરૂ.
ઈયળ સરખો પરવશ પ્રાણીયો રે, પાંખો આપી ઉડાડ્યો આભ.....સદ્ગુરૂ.
અડસઠ તીરથ કરાવ્યા આપને રે, મેળવ્યો મોઘો જીવનનો લાભ...સદ્ગુરૂ
જીવતાં મુક્તિ ઘરમાં મોકલ્યો રે, સરખાં કીધાં સુખ ને દુઃખ... સદ્ગુરૂ.
ગોવિંદ મ્હાલે સદા નીજ રૂપમાં રે, સત્ ચિત આનંદ અભિમુખ..સદ્ગુરૂ.

## :: શ્રી સચ્ચિદાનંદ સત્સંગ શિબિરનો નિત્ય કાર્યક્રમ ::

પ્રાતઃ ૪.૩૦ અલખ નિરંજન જય સચ્ચિદાનંદ માધવાનંદ હરેહરેની ધૂન લેતા લેતા પ.પૂ. સ્વામીજી મહારાજની સાથે સેવકો ક્ષિપ્રાનદીમાં સ્નાનનો લાભ લેવા છે. ત્યાર પછી ૬.૦૦ કલાકે શ્રી ગુરુગીતાનો પાઠ થાય છે. ત્યાર પછી બ્રહ્મચારી શ્રી જયાનંદજી મહારાજ વેદાન્તાચાર્ય ૨૦ મિનિટ ભગવદગીતાના ૧૩ મા અધ્યાય પર સત્સંગનું રસપાન કરાવે છે. ત્યાર પછી પ.પૂ.મહામંડલેશ્વર સ્વામીજી મહારાજ વેદાન્તાચાર્ય ૨૦ મિનિટ સત્સંગનું રસપાન કરાવે છે. ત્યાર પછી ચા-પાણી નાસ્તોને બપોરે ૧૨ કલાકે ભોજન ત્યાર પછી સાંજે ૪ કલાકે શિબિરના દરવાજે રોડ પર દરિદ્ર નારાયણને પ્રસાદની વહેચણી કરવામાં આવે છે. તેમાં પ્રસાદમાં લાપશી, છાસ, ખીચડી, પૂરી, શાક વગેરે દેવામાં આવે છે. ત્યાર પછી ૫ કલાકે પ.પૂ.બ્ર. શ્રી જયાનંદજી મહારાજ મણીરત્નમાળા પર સત્સંગનો લાભ આપે છે ત્યાર પછી પ.પૂ. સ્વામીજી મહારાજ શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન કરાવે છે ત્યાર પછી આરતી થાઈ છે ને ૮.૦૦ કલાકે સાંજનું ભોજન થાય છે. આ અમૂલ્ય લાભ જેના પૂર્વના પૂરા પૂણ્ય હોય તેને મોક્ષનગરીમાં સંતોના દર્શન-સત્સંગ-સ્નાન પ્રાપ્ત થાય છે.

સમષ્ટી ભંડારા તા. ૧૪-૪-૨૦૧૬ ના શુભ દિવસે પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં સમષ્ટી ભંડારાનું આયોજન ઉજ્જૈન નગરીમાં થયું હતુ. તેમાં મહામંડલેશ્વર-સંતો, મહંતો તથા સેવકોએ ભંડારાનો લાભ લીધો હતો. આ સમષ્ટિ ભંડારાના સૌજન્ય શ્રી કાનજીભાઈ દેવશીભાઈ અણઘણ, શ્રી વાલજીભાઈ દેવશીભાઈ અણઘણ, શ્રી દિનેશભાઈ દેવશીભાઈ અણઘણ, ગામ નવા નાવડા હાલ સુરત તરફ થયું હતું.

ચૈત્ર સુદ પૂનમને શુક્રવાર સવારે ૭.૦૦ કલાકે તા. ૨૨-૪-૨૦૧૬ ના શુભ દિવસે પ્રથમ શાહીસ્નાન સંપન્ન થયું હતું. શાંતી પૂર્વક ક્ષિપ્રા નદીમાં સ્નાન કર્યુ હતુ. આશરે ૫૦ લાખ ભાવિક ભક્તોએ સ્નાન કર્યુ હતું. શ્રી સચ્ચિદાનંદ સત્સંગ શિબિરના ૪૫૦ સેવકોએ લાભ લીધો હતો.

# સત્સંગ સમાચાર



ઉજ્જૈન નગરી મોક્ષનગરી છે. મહાકાલેશ્વર ધામ છે. જયા ક્ષિપ્રા નદી વહે છે. ત્યાં પવિત્ર ભૂમિમાં પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યની અધ્યક્ષતામાં તા.૧૧-૪-૧૬ થી તા.૨૧-૫-૧૬ સુધી શ્રી સચ્ચિદાનંદ સત્સંગ શિબિરનું સુંદર આયોજન કરેલ છે. પ.પૂ. સ્વામીજી મહારાજ શ્રી તા. ૧૧-૪-૧૬ ની વહેલી સવારે ૪.૩૦ કલાકે ઉજ્જૈન નગરીમાં પધાર્યા હતા ત્યારબાદ સવારે ૧૦.૦૦ કલાકે નિરંજની પંચાયત અખાડા ચારધામથી છાવણ પ્રવેશ શરૂ થયો હતો છાવણી પ્રવેશ એટલે મહામંડલેશ્વરના સામૈયા ગાજતે વાજતે બેંડવાજા સાથે પોતાની છાવણી પ્રવેશ કરે છે. પ.પૂ. સ્વામીજી મહારાજશ્રીની સવારી ચોથા સ્થાને હતી ઉજ્જૈનના ભાવીક ભક્તો મહામંડલેશ્વર તથા સંતો-મહંતોના દર્શન કરવા ફુટપાથ પર લાંબી કતારમાં લાખો ભક્તો ઉભા હતા જય મહાકાલેશ્વર હર હર મહાદેવનો નાદ સંભળાતો હતો ઉજ્જૈન નગરીના ભાવીક ભક્તો વેપારીઓ પ્રસાદના રૂપમાં ઠંડુપાણી, સરબત, સંતરા, ઠંડાપીણા, દુધ કોલ્ડીંગ, છાસ, ચોકલેટ વગેરે આપવા માટે ભાવ વિભોર બન્યા હતા છાવણી પ્રવેશનો રસ્તો ૬ થી ૭ કિલોમીટરનો હતો. સવારે ૧૦ કલાકથી ચાલવાનું શરૂ થયુને સાંજે ચાર કલાકે પૂર્ણાહૂતિ થઈ હતી આ છાવણી પ્રવેશમાં શ્રી સચ્ચિદાનંદ સત્સંગ શિબિરના ૩૦૦ સેવકોએ લાભ લીધો હતો. પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીના દર્શન કરતા ભાવવિભોર બન્યા હતા તેઓશ્રીનું સ્વરૂપ બહુ જ શોભાયમાન લાગતુ હતુ કે સાક્ષાત સદાશિવના દર્શન થયા હોય એવા સૌમ્ય મૂર્તિના દર્શન તો ઘણા જન્મના પૂણ્ય ભેગા થાય ત્યારે સંતો મહંતોના દર્શનનો લાભ પ્રાપ્ત થાય છે.

## સત્સંગ સમાચાર (પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજનો કાર્યક્રમ)



- તા. ૧૫-૫-૨૦૧૬ ઉજ્જૈન કુંભ પર્વમાં પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીનો ૧૬ મા નિર્વાણ જયંતિ મહોત્સવ પ્રસંગે પધારશે.
- તા. ૩૦-૫-૨૦૧૬ થી તા. ૩૦-૭-૨૦૧૬ સુધી ભારતની ચારધામ યાત્રા, બાર જયોતિર્લીંગના દર્શને બસ દ્વારા ચાણોદ ધામથી રવાના થશે.

## શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ



**વક્તા પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય**

- પોથીયાત્રા : વૈશાખ સુદ ૩ ને સોમવાર તા. ૯-૫-૨૦૧૬ સવારે ૮.૩૦ કલાકે
- કથા પ્રારંભ : વૈશાખ સુદ ૩ ને સોમવાર તા. ૯-૫-૨૦૧૬ સવારે ૯.૦૦ કલાકે
- કૃષ્ણ જન્મોત્સવ : વૈશાખ સુદ ૭ ને શુક્રવાર તા. ૧૩-૫-૨૦૧૬
- કથાપૂર્ણાહૂતિ : વૈશાખ સુદ ૯ ને રવિવાર તા. ૧૫-૫-૨૦૧૬ બપોરે ૧૨.૦૦ કલાકે
- કથા સમય : સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ કલાક
- કથા સ્થળ : શ્રી માધવાનંદ આશ્રમ, દક્ષેશ્વર રોડ, જગજીતપુર, કનખલ, હરિદ્વાર. ફોન. ૦૧૩૩૪ ૨૪૬૬૭૫, મો. ૯૪૧૧૫ ૦૧૬૮૨
- નિમંત્રક : હસ્તે બારડ બટુકભાઈ કેહરભાઈ, બારડ લીલાબેન બટુકભાઈ
- તા. ૧૬-૫-૨૦૧૬ ઉજ્જૈન કુંભ પર્વમાં પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીનો ૧૬ મા નિર્વાણ જયંતિ મહોત્સવ પ્રસંગે પધારશે.

## શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ




**વક્તાશ્રી પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય**

- પોથીયાત્રા : વૈશાખ વદ ૬ ને શનિવાર તા. ૨૮-૫-૨૦૧૬ સવારે ૯.૩૦ કલાકે
  સ્થળ : વાટીકા ગાર્ડન, નિરૂફાર્મની સામે, વેડરોડ, સુરત.
- કથાપ્રારંભ : વૈશાખ વદ ૬ ને શનિવાર તા. ૨૮-૫-૨૦૧૬ બપોરે ૩.૦૦ કલાકે
- કૃષ્ણ જન્મોત્સવ : વૈશાખ વદ ૯ ને મંગળવાર તા. ૩૧-૫-૨૦૧૬
  કથા સમય : બપોરે ૩.૦૦ થી ૭.૦૦ કલાકે
- કથા પૂર્ણાહુર્તિ : વૈશાખ વદ ૧૩ ને શુક્રવાર તા. ૩-૬-૨૦૧૬
- કથા સ્થળ : ધર્મનંદન હોલ, બીજો માળ, સમસ્ત પાટીદાર સમાજની વાડી, આંબા તલાવડી, કતારગામ, સુરત.
- કથા શ્રવણ પછી ભોજન પ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.
- નિમંત્રકશ્રી : શ્રી પ્રેમજીભાઈ ગોપાળભાઈ મોણપરા, શ્રી દેવરાજભાઈ પ્રેમજીભાઈ મોણપરા, શ્રી રવજીભાઈ પ્રેમજીભાઈ મોણપરા, શ્રી ભગવાનભાઈ પ્રેમજીભાઈ મોણપરા, શ્રી નાનુભાઈ પ્રેમજીભાઈ મોણપરા. ૧૩, ઉત્તર ગુજરાત પટેલ નગર સોસાયટી, સરગમ શોપીંગ સેન્ટરની સામે, પાર્લે પોઈન્ટ, અઠવાલાઈન્સ, સુરત. મો. ૯૮૨૫૬ ૫૮૧૫૨, ૯૮૨૫૧ ૧૪૮૨૧



## ઉજ્જૈન નગરી
## મોક્ષનગરી
## મહાકાલેશ્વર ધામેમાં,
## ક્ષિપ્રા મૈયાની
## ગોદમાં...



***પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રી નો ૧૬ મો નિર્વાણ જયંતિ મહોત્સવ સંવત ૨૦૭૨ વૈશાખ સુદ ૧૧ ને મંગળવાર તા. ૧૭-૫-૨૦૧૬ ના શુભ દીને પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રી ની અધ્યક્ષતામાં ધામધુમથી ઉજવાશે.***

- નિમંત્રક : શ્રી કાનજીભાઈ દેવશીભાઈ અણઘણ,
  શ્રી વાલજીભાઈ દેવશીભાઈ અણઘણ,
  શ્રી દિનેશભાઈ દેવશીભાઈ અણઘણ.
  ગામ - નવા નાવડા, હાલ સુરત.
- મહોત્સવ સ્થળ : શ્રી સચ્ચિદાનંદ સત્સંગ શિબિર, પ્લોટ નં. ૪૨/૪૩ સદાવલ રોડ, નિરંજની અખાડાની સામેનાં રોડ પર, ઉજ્જૈન, મધ્યપ્રદેશ.
- પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રી તા. ૨૨/૫/૨૦૧૬ ઉજ્જૈન સિંહસ્થ કુંભ પર્વની પૂર્ણાહુર્તિ કરી ચાણોદ પધારશે.
- તા. ૨૫/૫/૨૦૧૬ ના રોજ વહેલી સવારે ધર્મપ્રચાર માટે અમેરિકા જવા માટે મુંબઈ થી પ્રસ્થાન કરશે.

***પૂજ્ય સ્વામીજી મહારાજશ્રીનો અમેરિકામાં આ નંબર પર સંપર્ક કરવો.***

**Mo. 001-862-5790398**

પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીની ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું પ્રસારણ તા. ૧-૬-૧૬ થી તા. ૩૦-૬-૧૬ સુધી **લક્ષ્ય** ચેનલ ઉપર સવારે ૯.૦૦ થી ૯.૩૦ કલાક સુધી નિહાળી શકાશે.











પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય તેમજ અન્ય મહામંડલેશ્વર વૃંદ તથા સંતો મહંતો અને સેવક સમુદાય તેમજ ધર્મપ્રેમી ભક્તો સહિત ઉજ્જૈન નગરી મહાકાલેશ્વર ધામ સિંહસ્થ કુંભ મેળા ક્ષિપ્રા નદીમાં પ્રથમ શાહી સ્નાન તા. ૨૨/૦૪/૨૦૧૬ ના દિને શાંતિ પૂર્વક સંપન્ન થયું હતું.

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**



ઉજ્જૈન નગરી મહાકાલેશ્વર ધામમાં શ્રી સચ્ચિદાનંદ સત્સંગ શિબિરમાં કથા રસપાન કરાવતા
પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
તેમજ શિબિરમાં પ્રસાદ વિતરણ કરતા પૂજ્ય સ્વામીજી મહારાજ તથા ભક્તવૃંદ...

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**
: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-